**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનનીય સહાય | તંત્રી | ૩ |
| એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| Amazing effects of Maa's satsang on students world | – | ૧૫ |
| પૂ. માના સત્સંગની પનામાના વિદ્યાર્થીઓ પર અદ્ભુત અસર | નારાયણ હ. જાની | ૧૮ |
| આધ્યાત્મિકતાનો જીવંતગ્રંથ | રાજીવ જાની | ૨૨ |
| આશાવાદીનાં ઓજસ | ડો. પ્રકાશ ગજ્જર | ૩૦ |
| ભૂલ પડી! | ડો. રણજિત પટેલ | ૩૮ |
| અનોખો સાધનાદિન | મા સર્વેશ્વરી | ૩૯ |
| શ્રીરામકૃષ્ણ મઠનાં અધિષ્ઠાતા (૯) | પ્રો. અરુણિકા મનોજ દરૂ | ૪૫ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૫૪ |


### ● નાથવચનામૃત ●

ઉત્તમ મુમુક્ષુને તો સદ્ગુરુના ચરણારવિંદમાં સર્વ તીર્થો છે, તેથી તેણે તીર્થયાત્રા કરવાનો આગ્રહ સેવવો ઉચિત નથી. માતપિતાએ તીર્થયાત્રા ન કરી હોય તો પુત્રે તેમને યાત્રા કરાવ્યાવિના યાત્રા કરવી ઉચિત નહિ. શ્રદ્ધા ને પ્રીતિથી વિધિવત્ યાત્રા કરે તો અંતઃકરણની શુદ્ધિ થવાનો સંભવ ખરો.

—નાથભગવાન્

# ❁ અભિનંદનીય સહાય ❁

બાળપણથી જ સુખ, સંપત્તિ અને સમૃદ્ધિ વચ્ચે જન્મીને ઉછરેલાં શ્રી પ્રભાબેન ગોવિંદજી પટેલે પોતાની શારીરિક અપંગતાને કદી અભિશાપરૂપ નહિ, પરંતુ આશીર્વાદરૂપ લેખી પોતાના મનને પ્રભુપ્રત્યે વાળ્યું. સદ્‌નસીબે યુવાનવયથી જ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીનો મેળાપ થયો. તેના પરિણામે તેઓ એક શ્રદ્ધાળુ સાધક તો બન્યાં. સાથે સાથે સત્કર્મો કરવાની પ્રેરણા પણ પામ્યાં. એવા જ એક સત્કર્મના ભાગરૂપે શ્રી પ્રભાબેન અને તેઓના અમેરિકા સ્થિત ભાઈ શ્રી અરુણભાઈ તેમ જ ભાભી શ્રી રેખાબેન તરફથી, પિતાશ્રી ગોવિંદજીભાઈ પટેલ અને માતા શ્રી સુશીલાબેન પટેલની પુણ્ય સ્મૃતિમાં અધ્યાત્મ માસિકના માર્ચ, ૨૦૦૯ ના અંકના પ્રકાશનનો ખર્ચ મળેલ છે. તેઓની સત્કર્મની આ ભાવના અભિનંદનીય અને આવકારણીય છે. પ. પૂ. મા—પ્રભુ તેઓ સર્વેનું સર્વ પ્રકારે મંગલ કરે એ જ પ્રાર્થના.

—તંત્રી



# એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ

શ્રી યોગેશ્વરજી

આપણે કોઈને કહીએ કે પાણી લાવો તો તે પાણી લાવે, પરંતુ બીજી જ પળે જણાવીએ કે પાણી નહિ, જળ લાવો; તો શું એ કોઈ બીજી વસ્તુ લાવે? જળને બદલે નીર કહીએ, વારિ કે સલિલ નામ આપીએ તો પણ પદાર્થ તો એ જ લાવવામાં આવે. ભાષાશાસ્ત્રીઓ એને જ વોટર, પાની વગેરે નામોથી ઓળખાવે છે માનવે પોતાની સુવિધા અને જીવનચર્યા માટે ભાષાના શબ્દકોશનું સર્જન કર્યું છે. પાણીને માટેના ભિન્ન ભિન્ન ભાષાઓના શબ્દો કે પર્યાયો જુદા, પરંતુ એ શબ્દો દ્વારા સૂચવાતો વ્યંજનાત્મક પદાર્થ એક જ હોય છે. એવું જ ઈશ્વરના સંબંધમાં સમજી લેવાનું છે. ઈશ એટલે શાસન કરવું, અને ઈશ્વર એટલે સંસારનું શાસન કરનાર. એ શાસન કરનારી કોઈ વ્યક્તિ નથી પરંતુ પરાત્પર પરમ સર્વ શક્તિમાન શક્તિ છે. એને કોઈ ગોડ કહે છે, કોઈ અહુરમજદ અથવા અલ્લા કે ખુદા તરીકે ઓળખાવે છે. કોઈ ઈશ્વરને પરબ્રહ્મ કે પરમાત્માનું અભિધાન આપે છે, તો કોઈ વળી બીજા નામથી પોકારે છે. નામો જુદાં જુદાં પરંતુ નામી એક જ છે. વેદે એને માટે સત્ શબ્દનો પ્રયોગ કર્યો છે. સદ્ એટલે કે જે પૂર્વે હતા, આજે છે, અને ભવિષ્યમાં પણ રહેશે તે. અજર, અમર, શાશ્વત સત્તા. જેને જન્મમરણ, વ્યાધિ—વાર્ધક્ય—વિકાર કશું જ નથી તે. વૈદિક ઋષિઓ કહે છે કે એ પરમ-સત્યસ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. સત્યં પરં ધીમહિ. સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ. પરમાત્મા સત્યસ્વરૂપ પરમજ્ઞાનરૂપ, અનંત છે. સદેવ સૌમ્ય ઇદમગ્રમાસીત્ હિ સૌમ્ય!

સૌથી પહેલાં, સૃષ્ટિની શરૂઆતમાં, આ સત્ય જ હતું એટલે કે સત્યસ્વરૂપ પરમાત્મા જ હતા.

ઉપનિષદે એવી રીતે પરમાત્માનો કેવો સરસ વિચાર રજૂ કર્યો છે? સત્ય એક જ છે, પરમાત્મા એક જ છે, પરંતુ વિદ્વાનો ઋષિ કે પંડિતો એમની અનેકવિધ અભિવ્યક્તિ કરે છે; એમને જુદાં જુદાં નામે વર્ણવે છે : એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ. આપણે આટલું સમજી લઈએ તો? ધર્મ અને સંપ્રદાયોમાં ઈશ્વરને નામે જે વાદવિવાદો અને ઝઘડાઓ ચાલે છે એનો અંત આવી જાય, અને સૃષ્ટિમાં શાંતિ સ્થપાય. આપણે સમજી લઈએ કે આપણને આપણી માન્યતાના પરમાત્મા પ્રિય છે, તેવી રીતે બીજાને પણ પ્રિય છે. આપણી પેઠે બીજાને પણ એમને માટેની માન્યતાને સેવવાનો માનવીય અધિકાર છે. જુદાં જુદાં નામો તથા રૂપોને જ સર્વ કાંઈ સમજીને દુરાગ્રહને વળગીને બેસી રહેવાને બદલે એમની પાછળના, અંદરના ને બહારના તત્ત્વને જ મહત્ત્વનું માનીએ અને ધ્યાનમાં રાખીએ તો ઈશ્વરને નામે સર્વ પ્રકારના પૂર્વગ્રહોમાંથી મુક્તિ મેળવીને કોઈની સાથે નિરર્થક અનાવશ્યક ઘર્ષણમાં ના ઊતરી પડીએ. સરવાળે આપણને અને બીજાને લાભ જ પહોંચે.

વેદાદિ ધર્મગ્રંથો જણાવે છે કે એ પરમસત્ય કે પરમાત્મતત્ત્વ સમસ્ત સૃષ્ટિમાં અને સૃષ્ટિના સ્વરૂપમાં પ્રસરેલું ને પથરાયેલું છે. વિદ્વાનો એને જુદાં જુદાં નામે ઓળખે છે અને ઓળખાવે છે. તો પણ, પ્રજ્ઞાનો પરિપાક થતાં આજુબાજુ, અંદરબહાર બધે જ એ પરમાત્મતત્ત્વનો સ્વાનુભવ સહજ બને છે અને પરિણામે જીવન સંવાદી, શાંત, સુખદ તેમ જ સુધામય બની રહે છે.

○



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૭ માર્ચ—૨૦૦૬ અંક ૬

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૫—૧૧—૮૧ બુધવાર, કારતક વદ ચૌદસ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : ક્લોવીસ, ન્યુ મેક્સીકો, અમેરિકા.**

પૂ. શ્રી સવારે સમયસર સ્નાન કરી લે છે. દરરોજના ક્રમ પ્રમાણે પોણો કલાક વ્યાયામ પણ કરી લે છે. મંત્ર જપ જે બાકી હોય છે તે પૂરા કરીને રામાયણનું લેખનકાર્ય શરૂ થઈ જાય છે. પલંગ ઉપર જ પલાંઠી વાળી પગ ઉપર ઓશીકું મૂકી પૂ. શ્રી પોતાની કલમને ચાલુ કરે છે. સાડા અગિયાર સુધી તે કલમ અવિરતપણે ચાલ્યા જ કરે છે. વચ્ચે દૂધ લેવાનું બને છે.

સમય થતાં જ પૂ. શ્રી તથા સર્વેશ્વરી પણ આજે સાડા અગિયાર વાગ્યે યજમાન પરિવારના બેઠકના ઓરડામાં જાય છે. (આજે દૂધની પૂરી ને શાકનું ભોજન લેવાનું હતું, જેથી સર્વેશ્વરીને આજે ભોજન બનાવવાનું કામ રહેતું નથી). જ્યારે બેઠકના ઓરડામાં આવવાનું બને છે ત્યારે બેઠકનો ઓરડો

આખો મુલાકાતીઓથી ભરાયેલો જણાયો. ૪૦ જેટલા ભાઈ-બેનો બેઠાં હશે તે સૌ ઉભા થઈ ગયા. કેટલાકે પૂ. શ્રીને તથા સર્વેશ્વરીને પ્રણામ કર્યા. કેટલાક પોતાની જગ્યા ઉપરથી પ્રણામ કરતા જણાયા.

એક—બે મિનિટમાં જ પૂ. શ્રીએ કહ્યું, 'કોઈને કંઈ પૂછવું હોય તો પૂછો.' જેથી તરત જ પ્રશ્નોની શરૂઆત થઈ જાય છે.

એક નાનકડા ભાઈ પ્રશ્ન પૂછે છે : પાપ ને પુણ્ય પ્રમાણે બીજું જીવન મળે તો એનો અર્થ એવો ખરો કે જ્યારે સૃષ્ટિનું સર્જન થયું તે પહેલાં માનવ સૃષ્ટિ હતી?

પૂ. શ્રી : સૌ પ્રથમ માનવ સૃષ્ટિ હતી. આપણાં શાસ્ત્રો એમ કહે છે, જ્યારે સૃષ્ટિનું સર્જન થયું ત્યારે સૌ પ્રથમ બ્રહ્મા સૃષ્ટિના સર્જક થયા ને તે પછી માનવ સૃષ્ટિ થઈ. પરંતુ ડાર્વિન કહે છે કે સૌથી છેલ્લો માનવ થયો. આપણે આપણા પૂર્વજો વાંદરા હતા એ કહેવડાવવું શું યોગ્ય છે?

શ્રી ગુલાબબેન : રાગદ્વેષથી પર થયેલા મહાપુરુષને ભગવાન માની શકાય?

પૂ. શ્રી : રાગદ્વેષથી પર થઈ જતાં સમાધિ દશામાં માનવ આવે ત્યારે તેને આત્માનો સમાગમ થતાં આત્મસ્પર્શી બની જાય. આવા દોષરહિત, આત્મદર્શી, ઈશ્વરદર્શી મહાપુરુષો બ્રહ્મમય બની જાય. તેઓ બ્રહ્મ સમાન છે. છતાં તે આત્મદર્શી મુક્તાત્માની શક્તિ અલ્પ રહેવાની છે. તે મુક્તાત્મા સૃષ્ટિનું સર્જન કે વિસર્જન ન કરી શકે. અને કદાચ તે મહાપુરુષને એવી શક્તિ મળે તો પણ તે એ નિયમોમાં વિક્ષેપ ઉભો ન કરે.

હું તો એમ માનું છું કે તે મુક્તાત્મા પ્રભુ છે, ને પ્રભુથી પણ વધી જાય છે. જે સંતો પ્રભુમય જીવન જીવનારા હોય છે.



તે સંતો પોતે પ્રભુ છે એવું નથી કહેવડાવતા. ભક્તો પોતાની ભાવના પ્રમાણે એવા ઈશ્વરદર્શી સંતોને પ્રભુ કે અવતાર માને છે. એટલે મહાભારતમાં કહ્યું છે કે અવતારો અનંત છે. અનંત અવતારોમાંથી અમુક જ અવતારોને આપણે મહત્ત્વના માનીએ છીએ. જેમ અમેરિકામાં સાનફ્રાન્સીસકો, લોસ એંજલસ નામનાં બે જ શહેરો છે એવું થોડું છે? પણ અમેરિકાનાં મુખ્ય શહેરો કયાં કયાં તેની ગણત્રીમાં એ બે શહેરો આવે. બીજાં નાનાં નાનાં અનેક શહેરો છે. તેમ મુખ્ય અવતારો ઉપરાંત પણ ઘણા નાના નાના અવતારો છે ને થયા. બુદ્ધને અવતાર ગણ્યા તો શંકરાચાર્ય અવતાર કે નહીં? એ રીતે ઘણા અવતારો થયા તે બધા મહાપુરુષોને લોકોએ પ્રભુતુલ્ય માન્યા.

પ્રશ્ન (શ્રી ભગવાનજીભાઈ) : પરમાત્માએ સૃષ્ટિના સર્જનમાં નાસ્તિકોને કેમ ઉત્પન્ન કર્યા?

પૂ. શ્રી સૃષ્ટિમાં કાનખજૂરા કેમ પેદા થયા? ક્રીકેટની રમતમાં થોડા બોલરો, થોડા બેટ્સમેનો પણ જરૂરી છે, રમતનો એ નિયમ છે. એમ સૃષ્ટિની આ રમતમાં આસ્તિક ને નાસ્તિક પણ જરૂરી છે. નાસ્તિક એટલે શું? કેટલાક એમ માને છે કે પરમશક્તિ જેવું વિશ્વમાં કાંઈ છે જ નહીં. તેવું માનનારા લોકો તે નાસ્તિક.

પ્રથમ તો બધા આ રીતે જ માનતા હોય છે. પછી ધીરે ધીરે તે આસ્તિક થાય છે. રામાયણની રચના કરવી હોય તો રાવણને લાવવો જ પડે. બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે આસ્તિક ને નાસ્તિક ન હતા. ને ત્યારે પ્રકૃતિ હતી એ પ્રકૃતિ સત્ત્વ, રજ, તમ ગુણોની બનેલી, એમાંથી સૃષ્ટિ બની. જે પરમાત્મા તે આત્મા છે.

શ્રી ગુલાબબેન : માનવ જન્મે ત્યારે તે એ સત્ત્વ, રજ ને તમ પ્રકૃતિઓ લઈને જ આવે છે?

પૂ. શ્રી : મન એનું જ બનેલું છે એટલે એ બધી પ્રકૃતિ જન્મથી જ આવે. પણ પછી માનવના હાથમાં છે, તેણે શું થવું તે. આપણે પૃથ્વી પર આવ્યા ત્યારે આપણને પૂછ્યું નથી પણ હવે આવ્યા પછી આપણા હાથમાં છે.

શ્રી ગુલાબબેન : આપણામાં રહેલા સત્ત્વગુણનો વિકાસ સમજથી, અનુભવથી કે જપથી થઈ શકે?

પૂ. શ્રી : સત્ત્વગુણનો વિકાસ કરવો છે એની સમજ જરૂરી છે. એમાં અનુભવ ભળતો જાય. અને મહાપુરુષોના આશી-ર્વાદથી તે સત્ત્વ ગુણ વધે. મહાપુરુષોનાં અનુભવ વચનો ને પુસ્તકોના વાચનથી પણ માર્ગદર્શન મળે. ફક્ત જપ કરવાથી વિકાસ કરવો હોય તો થાય. પણ શરૂઆતમાં તમે જપ કરવા બેસો તો તેટલો વખત તો તમારો સુધરી જ જાય. જો તમે જપ ન કરતા હો તો તે કલાક તમારો કદાચ નિંદા, ટીકા, વ્યસન, કામવાસનામાં પણ વ્યતીત થયો હોત. તો જપ કરવાનો સમય એ બધામાંથી મુક્ત બનાવે છે. જપ કરતાં કરતાં એકાગ્રતા આવે. પ્રભુનો પ્રેમ વધે, તેનો સંબંધ બંધાય, તેનું દર્શન થાય. દેહભાન ભૂલી જવાય અને આપણે પરમાત્મદર્શી બનીએ.

જપ કરીને ઊઠ્યા એટલે વ્યાવહારિક જીવન શરૂ થયું. એટલે બધા જ મહેમાનો તમારી પાસે તમને પૂછ્યા વિના આવી જ જાય છે. રાગ, દ્વેષ, કામ, ક્રોધ, વ્યસન, અસત્ય ભાષણ, બધા જ આવી જાય. ત્યારે વ્યાવહારિક જીવનમાં સાવધાની, ઈશ્વરપરાયણતા જરૂરી છે. તે જપથી મળશે. થોડો આત્મવિશ્વાસ પણ જરૂરી છે.



શ્રી ગુલાબબેન : આ સૃષ્ટિ તો જોઈને અનુભવી, પણ એવી બીજી સૃષ્ટિનો અનુભવ થઈ શકે?

પૂ. શ્રી : શાસ્ત્રોમાં એનું માપ સાથે યોજનો સાથે તે તે લોકના વર્ણનો આપ્યાં છે. સાધના તીવ્રતમ બને ત્યારે તે તે લોકમાંથી દિવ્ય કોટિના મહાપુરુષો આવે છે. (આ પ્રશ્નનો ઉત્તર પૂ. શ્રીએ ખૂબ વિસ્તૃત રીતે આપ્યો).

પ્રશ્ન : આપે એવા કોઈ જીવોને જોયા છે?

પૂ. શ્રી : ૧૯૬૦ થી પ્રભુનું સતત અનુસંધાન મેળવવાનું પ્રભુકૃપાથી બન્યું છે. ઘણાં દિવ્ય કોટિના સિદ્ધ પુરુષોનાં દર્શન થયાં છે. આ શરીર ઉપવાસ, તપશ્ચર્યા કરી કરીને ચિન્મય બની ગયું છે.

વળી વાતનો વિષય બદલતાં પૂ. શ્રી એ નીચે મુજબનાં વચનો કહ્યાં :

હું તો જીવનને યાત્રા જ માનું છું. ઈંગ્લેન્ડ ને અમેરિકાનો પણ પ્રવાસ નહીં, યાત્રા જ કહું છું. હોલીવુડની પણ યાત્રા કરી. હોલીવુડ એટલે શું? પવિત્ર વન! ત્યાં પણ મન પ્રભુસ્મરણ કરતું રહે. એટલે પવિત્ર વનની પણ યાત્રા!

આપણે હંમેશાં સવારે, બપોરે, રાત્રે તો યાદ રાખીએ જ કે આપણે અહીં કાયમ રહેવાનું નથી, જવાનું છે. તો મમતા ઓછી થાય. મોટલમાં રહેવાનું છે. 'મોટલ' એટલે 'મોરટલ'— નાશવંત. આ શરીર મોરટલ છે—નાશવંત છે.

વળી નીચેના ત્રણેક પ્રશ્નોની ચર્ચા—વિચારણા બાદ મુલાકાત પૂરી થઈ.

૧. અન્નની અસર જીવન પર પડે ખરી?

૨. ગાયનું દૂધ તો વાછરડા માટે જ હોય તો આપણે શા માટે પીવું?

૩. ભારત ધર્મપ્રધાન વાતાવરણવાળો છે, છતાં ભૌતિક સંપત્તિ કેમ ઓછી છે?

એક વાગી ગયો હોવાથી સૌ પ્રણામ કરીને ઊભા થાય છે. ત્યાં રામાયણના પ્રેમી ભાઇ પણ પ્રણામ કરે છે. ત્યાં પૂ. શ્રીને થયું કે, 'અરે! આજે તો રામાયણ ન સાંભળી શક્યા ખરું? ચાલો, સંભળાવું.' એમ કહી પૂ. શ્રીએ રામાયણની ચોપાઇનો કાવ્યાનુવાદ સંભળાવ્યો. જેથી સૌ બેસી ગયા. અંતે સૌ પ્રણામ કરી વિદાય થયા.

પૂ. શ્રીએ આજે ભોજનમાં પૂરી, શાક, શીરો લીધાં. ભોજન બાદ આજે શ્રી અશોકભાઇ પોતાના નાના અઢી વરસના બાળકની વાત માટે પૂ. શ્રીને ૧૦ મિનિટ મળવા માગે છે. તેઓ આવીને પ્રણામ કરીને બેઠા છે.

શ્રી અશોકભાઇનો નાનો બાળક અઢી વરસનો છે, જેનું નામ ચિરાગ છે. તેને આખો દિવસ ભજનની ટેઇપ સાંભળવી ગમે છે. બીજી કોઇ પણ ટેઇપ મૂકીએ તો બંધ કરાવે છે. સાંઇબાબા, જલારામ, કૃષ્ણ, સૌના ફોટા તે ઓળખી શકે છે. વળી સાંજ પડે એટલે દીવો કરો, કે રામકબીર કરો, એવી વાતો કરે છે. પૂ. શ્રીને જોઇને તે કહેતો, 'ભગવાનદાદા રામકબીર', એમ કહી વારંવાર પ્રણામ નીચા નમી કરે છે. મુલાકાતના સમયે પણ પોતાની જગ્યાએથી ઊઠીને વારંવાર સાષ્ટાંગ પ્રણામ કરવા ઊભો જ થઇ જાય છે ને સહજ ભાવે પૂ. શ્રી પાસે જ આવી જાય છે.

એ અઢી વરસના બાળકને હવે કેવા સંસ્કારો આપવા



જોઇએ? તથા તેના વિકાસ માટે શું કરવું જોઇએ તેનું માર્ગ-દર્શન પૂ. શ્રીએ તેમને આપ્યું. ત્યાર બાદ પૂ. શ્રીએ આરામ કર્યો. ફરી સાંજે એક કલાક લેખન કાર્ય કર્યું. આજે સાંજના સત્સંગમાં એક બેને પોતાના બે પ્રશ્નો રજૂ કર્યા

પ્રશ્ન : સંસારમાં રહીને પ્રભુભક્તિ કરવાની ભાવના છે, પણ અમારી કોઇ ભૂમિકા જ નથી.

પૂ. શ્રીએ તેમને સમજ આપતાં કહ્યું : પ્રભુમય જીવન જીવવું છે એ ભાવના જ પ્રથમ તો મહત્ત્વની છે. એ જ ભૂમિકા છે. કોઇને ઘર બાંધવું છે એવા પ્રથમ તો વિચાર જ આવેને? પછી જ ઘર બંધાય ને! એ રીતે પ્રભુમય જીવન જીવવું છે તો જીવી શકાય તે માટે સારું વાંચન, જપ, પ્રાર્થના કરો.

સત્સંગના એ સ્થળે પૂ. શ્રીનું ને સર્વેશ્વરીનું આરતી, ચંદન, પુષ્પથી સ્વાગત થયું. ત્યાંથી પ્રવચન સ્થળે જવાનું બન્યું. હોલમાં બે સુંદર આસનો તૈયાર હતાં, તે બેઠકો ઉપર બેસવાનું બન્યું.

આજે પૂ. શ્રીએ 'ગુરુતત્ત્વ' ઉપર જ પ્રવચન આપ્યું. જેમાં એકલવ્યની ગુરુભક્તિની વાતો થઇ. પ્રવચન બાદ એકાદ કલાક સર્વેશ્વરીએ પણ ત્યાગ પછીના જીવનની વાતો કરતો એક વાર્તાલાપ આપ્યો અને ભજનો પણ ગાયાં.

આજે પ્રવચન પછી શ્રોતાઓનો મોટો ભાગ એવો હતો જેમણે પૂ. શ્રીને તથા સર્વેશ્વરીને નીચા નમીને નમસ્કાર કર્યાં. કદાચ આજે પ્રવચનમાં પ્રણામ કોને કરવા જોઇએ, શા માટે કરવા જોઇએ એ મુદ્દાની ચર્ચા થઇ હતી, એનું પણ એ પરિણામ હોઇ શકે. પ્રવચન બાદ ઉતારા ઉપર આવી જવાનું બન્યું ને ત્યાં હળવા નાસ્તા બાદ ફરી નાનકડી સત્સંગની બેઠક

શરૂ થઈ. પૂ. શ્રીએ સંમતિ આપી. જેમાં થોડા પ્રશ્નો ચર્ચાયાઃ–

૧. ભારતની વર્તમાન સ્થિતિ સુધરશે કે નહીં?

૨. વડાપ્રધાનની કાયમી વિદાયને કેટલી વાર છે?

૩. ભારતની વર્તમાન પરિસ્થિતિમાં સંતો શું ભાગ ભજવી શકે?

૪. ભગવાન શ્રીકૃષ્ણ કાયમ જ મોર, મુગુટ, પિતાંબર પહેરતા?

૫. સ્ત્રી માસિક ધર્મમાં જપ, પ્રાર્થના કરી શકે?

ચર્ચા રસપ્રદ થઈ. આજે શ્રી ડાહ્યાભાઈ ભક્તને એક અનુભવ થયો જેની વાત પણ સાંભળી. જેમાં તેમણે આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે, 'આજે હું મારી મોટલના ૨૦ નંબરના ઓરડામાં સવારે બેઠો હતો, ત્યાં માતાજી સર્વેશ્વરીના સ્વરૂપમાં જ આવા જ પાતળા શરીરમાં એકદમ ઝડપથી આવીને ફરીને ચાલ્યાં ગયાં. મને થયું કે મને આશીર્વાદ આપવા જ તેઓ આવ્યાં હતાં.'

પૂ. શ્રીએ કહ્યું, 'ગુજરાતમાં પણ ઘણાંને આવા અનુભવો થાય છે.' વળી તે ભાઈને પૂ. શ્રીએ કહ્યું, 'આપ રામ ને રામાયણનું જ શરણ લો તેનાથી જ કલ્યાણ થશે.' (તે ભાઈ રામાયણના પ્રેમી છે). આજની મુલાકાત બાદ પૂ. શ્રી આરામ કરે છે.

આજે પ્રવચનમાં જવા તૈયાર થતા હતા ત્યારે પૂ. શ્રીએ જે શાલ ઓઢી તે ખભા ઉપર રહેતી ન હતી. જેથી સર્વેશ્વરીએ કહ્યું, 'એને મૂકી ને બીજી રાખો.' પૂ. શ્રીએ હસતા હસતા કહ્યું, 'ઘણા સાધકોને નથી રહેવું તો પણ અમારે રાખવા પડે છે. તેમ શાલને પણ રાખીશ જ.'



વળી સર્વેશ્વરીને આજે વાર્તાલાપ આપવાનો છે, તો તેમાં શું બોલવાનું? એમ પૂછતાં પૂ. શ્રીએ જણાવ્યું કે, 'તમારી પાછળ તો મહાશક્તિ છે. શા માટે ચિંતા કરો છો? એને બોલવા દો.'

આજે મુલાકાત બાદ શ્રી ગુલાબબેનને એક–બે ભજનો સંભળાવ્યાં. પૂ. શ્રી એ 'હરિઃૐ' કહી સૌને વિદાય થવાની સૂચના આપી, જેથી સૌ વિદાય થયા.

હરિઃ ૐ (ક્રમશઃ)

કર્મના ફળને પાકતાં ને પ્રત્યક્ષ થતાં કેટલીક વાર અમુક વખત લાગે છે. વિવેકી સાધકે તેથી નિરાશ થવાની જરૂર નથી. **– યોગેશ્વરજી**

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# Amazing effects of Maa's Satsang on Panama's youths.

**Chirag Govindbhai**
**(Age : 22 years)**

The first day I did pranams, I felt very tired because I don't do pranams at home. But next day I wasn't so tired.

I gave a notebook to Pujya Maa to write something in it. Maa wrote "Hey Prabhu, Chiragne Sara Mitro Apjo, Chiragne abhyasma tejasvi banavjo, Chiragne pavitra rakhjo, khub khub Ashirwad–Maa".

During the padyatra, Nikunj, Bhavin, Dipti and I climbed the hill of the temple and felt very tired. But when we come down with Pujya Maa we were not tired. This means Pujya Maa gives us 'Shakti' to go far forward.

★ ★ ★

**Bhavin Govind**
**(Age : 17 years)**

I am a vegetarian since 2000. When Maa come to Panama, I stopped eating meat.

I do Mala everyday and Pranams on week-end. But now that you gave us the meaning of Pranams, I will do them daily from today.

It was the first time I was doing something



like Garba, plays and speech in front of so many people; so I was scared. I prayed to Maa and with her Shakti everything was possible.

Thanks Pujya Maa...

★ ★ ★

**Nikunj Bhakta**
**Age : 21 years.**

When I am near Pujya Maa I feel energetic with lot of strength and get attracted to Pujya Maa's love and peace. eg. While doing Pranams at home, my legs keep hurting but with Maa I feel charged. Pranams open doors towards the Lord. It keeps us healthy and also helps us wash our sins of yesterday, today and coming days. While doing pranams we can ask Prabhu for anything that way one will not get tired and will enjoy doing them more, some of the things one can ask for, are :

Hey Prabhu Shanti Aapo.

Hey Prabhu Shakti Aapo.

Hey Prabhu Sadd Buddhi Aapo.

Hey Prabhu Raksha Karo.

Hey Prabhu Ashirwad Aapo.

Hey Prabhu Maara Gaya Janamna Pappo Maaf Karjo.

Hey Prabhu Maara Parivarne Ashirwad Aapo.

There is no way Prabhuji will not listen to your prayers. I also learned the Maha Mantra, which Pujys Maa taught us during the Shibir. “Maara Badha Karyo Maa tamari madad mangu chhu.” Tamaro Divya the prahar Ashirvad magu chhu.

This mantra is the master key to all the doors to Prabhu. Pujya Maa has been using this Mantra for past 30–35 years to open all locked doors. So I have decided to use the same key to open all locked doors for me.

★ ★ ★

**Vishal Bhakta**
**Age : 20 years.**

What I understood in these days with Maa:-

• We should not take soda water because it affects us in a bad manner in the long run. We must stop drinking soda and other harmful drinks.

• We must also reduce time that we spend watching television because it harms our mind and body.

• We must pray to God everyday so that he may help us in all our actions and also when we are in need.

• We must do Pranam everday. It is a way of requesting a favour from Prahu.

(To be Countinued)



**પૂ. માના સત્સંગની પનામાના વિદ્યાર્થીઓ પર**

# અદ્‌ભુત અસર

અનુવાદ : નારાયણ હ. જાની

**ચિરાગ ગોવિંદભાઈ**
**ઉમ્મર ૨૨ વર્ષ**

મેં પહેલે દિવસે જ્યારે પ્રણામ કર્યા ત્યારે મને ખૂબ થાક લાગ્યો, કારણ કે ઘરે પ્રણામ કરવાની મને આદત ન હતી. પરંતુ બીજા દિવસે, પહેલા દિવસ જેવો થાક ના લાગ્યો.

મેં પૂ. માને એક નોટબુક આપી એવું કહીને કે તેમાં કંઈ લખી આપો. તો પૂ. માએ લખ્યું, ‘હે પ્રભુ, ચિરાગને સારા મિત્રો મળજો. ચિરાગના અભ્યાસને તેજસ્વી બનાવજો. ચિરાગને પવિત્ર રાખજો. ખૂબ ખૂબ આશીર્વાદ.’ —મા.

પદયાત્રામાં હું, નિકુંજ, ભાવિન, દીપ્તિ, મંદિરની ટેકરી ઉપર સાથે ચઢ્યાં, અને ખૂબ થાકી ગયાં. પરંતુ નીચે ઉતરતાં પૂ. મા સાથે હતાં એટલે જરાય થાક લાગ્યો નહિ. આનો એ જ અર્થ છે કે આગળ વધવા માટે જરૂરી શક્તિ પૂ. મા જ આપે છે.

★ ★ ★

**ભાવિન ગોવિંદ**
**ઉમ્મર ૧૭ વર્ષ**

સને ૨૦૦૦ માં પૂ. મા પનામા પધાર્યાં, ત્યારથી હું શાકાહારી થયો છું. મેં માંસાહાર કરવાનું છોડી દીધું છે.

હું રોજ માળા કરું છું પરંતુ પ્રણામ તો દર અઠવાડિયાના છેલ્લા દિવસે કરતો. પરંતુ હવે આપે જ્યારે પ્રણામનો અર્થ

સમજાવ્યો (મહત્ત્વ સમજાવ્યું) તેથી આજથી હું હવે રોજ જ પ્રણામ કરીશ.

મારા જીવનનો એ પહેલો જ પ્રસંગ હતો કે ઘણા બધા માણસોની હાજરીમાં ગરબા, નાટકનો અભિનય કે ભાષણ કરવાનો વારો આવ્યો હોય. તેથી મને ભય લાગતો. એથી મેં પૂ. માને પ્રાર્થના કરી. તો તેઓની શક્તિથી એ બધું શક્ય બની ગયું!

હે મા, આપનો ખૂબ ખૂબ આભાર.

★ ★ ★

**નિકુંજ ભક્ત**
**ઉમ્મર ૨૧ વર્ષ**

હું જ્યારે પૂ. માની નજીક હોઉં છું ત્યારે શક્તિ અને ઉત્સાહથી ઉભરાતી મારી જાતને જોઉં છું અને પૂ. મા પ્રત્યે આકર્ષાઈને તેમના પ્રેમનો અને તેમના સાન્નિધ્યમાં અનુભવાતી શાન્તિનો અનુભવ કરું છું. જ્યારે ઘરે પ્રણામ કરું ત્યારે મારા પગોમાં પીડા થાય છે, કિન્તુ પૂ. માના સાન્નિધ્યમાં શક્તિસભર બની જાઉં છું. પ્રભુને પ્રણામ કરવાથી પ્રભુનાં દ્વાર ખુલી જાય છે. તેનાથી આપણું આરોગ્ય પણ જળવાય છે, તેમ જ આપણાં ભૂતકાળના થયેલાં, વર્તમાન કાળનાં થતાં અને ભવિષ્યકાળમાં થનારાં પાપોનો નાશ થાય છે. પ્રભુને પ્રણામ કરતાં આપણે જે જોઈતું હોય તે તેની પાસે માગી પણ શકીએ અને એ રીતે આપણે થાકનો અનુભવ નહિ કરીએ અને વધુ પ્રણામ કરતાં આનંદ અનુભવીશું.

આપણે પ્રભુ પાસે આવું કેટલુંક માગી શકીએ.

હે પ્રભુ, મને શાન્તિ આપો; શક્તિ આપો.



હે પ્રભુ, મને સદ્‌બુદ્ધિ આપો.

હે પ્રભુ, રક્ષા કરો, હે પ્રભુ આશીર્વાદ આપો.

હે પ્રભુ, મારાં ગયા જન્મનાં પાપ માફ કરજો.

હે પ્રભુ, મારા પરિવારને આશીર્વાદ આપો.

એવું કોઈ કારણ નથી કે પ્રભુ તમારી પ્રાર્થનાઓ ના સાંભળે. પૂ. માએ શિબિર દરમ્યાન શીખવેલ મહામંત્રને પણ હું શીખ્યો.

મારાં બધાં કાર્યોમાં તમારી મદદ માગું છું.

તમારો દિવ્ય આઠે પ્રહર આશીર્વાદ માગું છું.

આ મહામંત્ર પ્રભુના બધા જ દરવાજા ઉઘાડી નાંખવા માટેની એક માત્ર અદ્‌ભુત ચાવી જેવો છે. પૂ. મા છેલ્લાં ૩૦–૩૫ વર્ષથી આજ મંત્રનો પ્રયોગ, પ્રભુના દરવાજા ઉઘાડવા માટે કરે છે. એથી મેં પણ નક્કી કર્યું છે કે એ જ મંત્રવડે મારા માટે પ્રભુના દરવાજા ઉઘાડવા એનો પ્રયોગ કરવો.

★ ★ ★

**વિશાલ ભક્ત**
**ઉમ્મર ૨૦ વર્ષ**

પૂ. માના સાન્નિધ્યમાં આ દિવસોમાં હું શું સમજ્યો.

લાંબા ગાળે આ સોડા વોટર (કોક) પીવાથી નુકસાન થતું હોય, તો આપણે તેનો ત્યાગ કરવો જોઈએ. એવાં બીજાં પીણાંઓને પણ ન પીવાં જોઈએ. ટી. વી. જોવા પાછળ આપણે જે સમય બગાડીએ છીએ, તે ઓછો કરી નાંખવો, કારણ કે તે તન અને મન બંનેને નુકસાન પહોંચાડે છે.

પ્રભુને આપણે રોજ પ્રાર્થના કરવી જોઈએ જેથી તે આપણ-

ને આપણાં બધાં કાર્યોમાં મદદરૂપ થાય, ખાસ કરીને તો આપણે તેની જરૂર હોય ત્યારે પણ.

આપણે રોજ પ્રભુને પ્રણામ કરવા જોઈએ. તેની કૃપા મેળવવા માટેનો એ એક માર્ગ છે.

(ક્રમશઃ)

જે અધિકાર કે બળ વિનાના છે તે પણ શ્રદ્ધા ને પ્રેમપૂર્વક પ્રભુનું શરણ લેશે તો દુઃખદારિદ્રનો અંત આણીને જીવનને ઉજ્જ્વળ ને ધન્ય કરી શકશે. જન્માંતરના જ્ઞાન જેવા અનુભવો તો ઠીક, પણ પ્રભુને પોતાને પામી શકશે. પણ ખેદની વાત છે કે માણસે પોતાની જાતમાંથી ને પ્રભુમાંથી શ્રદ્ધા ગુમાવી દીધી છે.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૮૨૪૭૦૪૦૯૭

દીપક સી. મહેતા

❖ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ❖

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



**મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા—'પ્રકાશના પંથે'**

# આધ્યાત્મિકતાનો જીવંતગ્રંથ

**રાજીવ જાની**

આટલા મોટા જનસમુદાયને સંબોધવાનો મહાવરો નથી, પરંતુ 'પ્રકાશના પંથે'ના વિમોચન વખતે અથવા એના પ્રકાશન પર્વ સમયે, જો હું મારી અનુભૂતિની વાત ના કરું તો કદાચ હું પૂ. 'શ્રી'નો અપરાધી ગણાઉં...

કારણ એ ગ્રંથે મારા સમગ્ર જીવનપ્રવાહને પલટાવી દીધો છે. જીવનની મહત્તા અને એની શક્યતાઓથી મને પરિચિત કરાવી દીધો. આ ગ્રંથથી મને પ્રાર્થનાની શક્તિ અને એનું મહત્ત્વ સમજવામાં મદદ મળી.

પ્રાર્થના એ હૃદયનું સંગીત છે. મનનો ખોરાક છે. અને આત્માની તૃપ્તિ છે. માગણી નહીં, પરંતુ હૃદયની લાગણી છે.

હું જ્યારે નાનો હતો ત્યારે....પૂ. શ્રી પાસે નહિ ગયેલો.

એ પછી તો 'પ્રકાશના પંથે' દ્વારા પ્રાર્થનાની સંપૂર્ણ સમજ પ્રાપ્ત થઈ. એ અંતરની ઉર્મિઓની અભિવ્યક્તિનું સાધન બની જીવનના આધ્યાત્મિક અભ્યુત્થાનનું અંતરંગ અંગ બની ગયું.

જેમ કાકા કાલેલકર કહેતા, 'પોતાના આદર્શ મુજબનું જીવન ઘડીને પ્રભુને સમર્પણ કરવાની ક્રિયા એટલે પ્રાર્થના.'

તેમ પૂ. શ્રીએ પણ નક્કી કરી લીધું કે મા જગદંબાનું સતત સાન્નિધ્ય પ્રાપ્ત કરવું. અને લક્ષ્ય નક્કી કર્યા પછી એમણે પાછું વાળીને જોયું નથી. દરેક અડચણો, અવરોધોને ગૌણ ગણીને ફગાવી દીધા.

એમના એ અથાગ પરિશ્રમનો ચિતાર આ ગ્રંથમાં લખાયેલો છે. એને ફક્ત વાંચી જવાથી એનો ખ્યાલ નહીં આવે. પરંતુ એને શાંતિથી સમજવાની જરૂર છે. પૂ. શ્રીએ તો એક વાક્યમાં લખ્યું કે તેમણે સાત વર્ષ સુધી લાંબા થઈને આરામ નથી કર્યો. પરંતુ સાત વર્ષનો ગાળો નાનો ના કહેવાય, શાંતિથી વિચારીએ તો ખ્યાલ આવે. અને મા જ્યારે આપણને 'સ્વર્ગારોહણ' બોલાવે તો આપણે આપણી અસમર્થતાને અપ્રગટ રાખવા માટેનાં કારણો આપીએ છીએ. કે રીઝર્વેશન નથી મળતું... પરંતુ...

પૂ. શ્રીના એ પુરુષાર્થ, પોકારો તથા એ તલસાટની કથા તમે વાંચશો તો જ તમને માના અવતરણનો ખ્યાલ આવશે.

આખા 'પ્રકાશના પંથે'માં માના નામનો ઉલ્લેખ ક્યાંય નથી. છતાં એમનો અપ્રગટ પરિચય એમાં છપાયેલો છે.

આવી તાલાવેલી, વ્યાકુળતા અને એમની ઉત્કટ પ્રાર્થનાઓનું સરવૈયું કહો કે ફલશ્રુતિ એ મા જગદંબાનું અવતરણ જ હોઈ શકે અને એ આપણી સમક્ષ બિરાજમાન છે.

એ વાંચશો તો જ તમે પૂ. માના મહિમાને કંઈક અંશે પામી શકશો અને એમની લૌકિક લીલાથી ઉદ્‌ભવતી શંકાઓને નિર્મૂળ કરવામાં મદદ મળશે.

તમે વિચાર તો કરી જુઓ. માગસર મહિનાની ઠંડીમાં ૭૦૦૦ ફૂટની ઉંચાઈએ લંગોટીભર રહેવાનું સહેલું છે! એમના હૃદયમાં કેવો તલસાટ હશે જેણે એમના મનને શરીરનું ભાન જ ભુલાવી દીધું!

અને આપણને મા જરાક ઠંડી વધારે હોય તો સ્વેટર, શાલ કે કાનટોપી આપે.. ઠંડી એ મહાપુરુષે સહન કરી અને એના



મીઠાં ફળ આપણે ભોગવીએ છીએ.

એમણે સતત મનોમંથન કરીને અમૃત—કળશને આપણા માટે સુલભ બનાવ્યો.

Thank you Prabhu.....

એમના એ મંથનના દિવસો, પ્રાર્થના ને પોકારોના ઇતિહાસને માણવા માટે 'પ્રકાશના પંથે' ગ્રંથ વાંચવો જ રહ્યો.

એમની પ્રાર્થનાની સાચી વિધિનું મૂળ તો એમનું ભાવ ભરપૂર મન અથવા એમનું સંવેદનશીલ શ્રદ્ધાભક્તિ પરાયણ પ્રેમ પરિપ્લાવિત અંતઃકરણ હતું. અને એવા મન અને અંતઃકરણથી અલંકૃત બનીને કરવામાં આવતી પ્રાર્થના હૃદયસ્પર્શી હોય છે. એનો આવિર્ભાવ પણ પ્રાણના પ્રત્યેક પરમાણુમાંથી થતો હોય છે. આવી પ્રાર્થનાઓ કરતી વખતે એમનું અંતર અતિશય આર્દ્ર બની જતું અને મન કરુણતાને ધારણ કરતું. એને પરિણામે અશ્રુની પ્રાણવાન પરંપરાપ્રવાહિત થતી અને છેવટે એ પોકારોમાં પરિણમતી. પ્રાર્થનાની આનાથી વિશેષ બીજી કોઈ વિધિ ન હોઈ શકે.

એમણે ક્યારેય ધૂપ, દીપ કે અગરબત્તી નથી કરી, ફૂલહાર કે નૈવેદ્ય પણ અર્પણ નથી કર્યું, છતાં ફક્ત પ્રાર્થનાના બળે જ મા જગદંબાને પૃથ્વી પર પ્રગટાવ્યાં છે.

કલ્પના તો કરી જુઓ કેવી પ્રબળ હશે એ પ્રાર્થનાઓનો પોકાર અને માના દર્શન માટેની લગની!

'પ્રકાશના પંથે'ના વાંચનથી ખ્યાલ આવશે કે પૂ. શ્રીને યોગ, ધ્યાન અને સાધનાના વિષયમાં પણ અભિરુચિ હતી. અને વખતના વીતવાની સાથે એમણે એ દિશામાં પણ ઉચ્ચતમ શિખરો સર કર્યાં હતાં. છતાં જગદંબાના સતત સાન્નિધ્યના

લક્ષ્યને તો એ પ્રાર્થના દ્વારા જ પામ્યા, પ્રાર્થનાને જ પોતાનું સર્વોત્તમ સાધન બનાવી નિયત કરેલા લક્ષ્યને સાધવામાં ક્યાંય પાછી પાની કરી નથી. અનેક પ્રલોભનો સામે પણ સ્થિતપ્રજ્ઞ રહી તટસ્થતાથી આગળ વધ્યા. અને દરેક ફ્લેગ સ્ટેશનને અવગણીને કહો કે ભેદીને લક્ષ્ય પ્રાપ્તિના વિજયની વરમાળા પામ્યા.

નાનપણથી જ મહાપુરુષોનાં જીવનચરિત્ર વાંચવાથી પ્રાર્થનાની શક્તિથી તેઓ પરિચિત હતા. એમણે 'પ્રકાશના પંથે'માં કરેલી પ્રાર્થનાનો ઉલ્લેખ શ્રી પ્રચેતાબેને બે દિવસ અગાઉ જ કર્યો હતો આપણી સમક્ષ...

પરંતુ તે ઉપરાંત તેમણે રચેલાં પદો પણ પ્રાર્થનારૂપી હૃદયની વાણી જ છે. કાકાની (નારાયણભાઇ જાનીની) જેમ મને પણ પૂ. શ્રીનું એ પદ ખૂબ ગમે છે.

એક દિવસ હું તમે બની જઉં ને,
તમે થાવ વિરહી... (પ્રસાદ–૮૨)
પાઠ આપણે આમ બદલીએ
સાચી વાત કહી.

કેવી ખુમારી છે? જે ઈશ્વરની ખૂબ નજીક હોય તે જ આવું લખી શકે. આવાં તો કેટલાંય પદો એમણે રચ્યાં છે. જેમાં પ્રાર્થના દ્વારા પોતાના હૃદયની વેદનાને વાચા આપી છે.

આજીજીથી માંડીને આક્રંદોને પ્રકાશિત કરતાં એમનાં આ પદોના શબ્દો આપણાં હૃદયને વલોવી નાંખે છે.

આપો દર્શન એક જ વાર...અમને દર્શન એક જ વાર...
(પ્રસાદ)

જેમ એમણે પોતાની સાધનાની પરિતૃપ્તિ માટેની વિનવણી-



નાં પદો રચ્યાં છે તેવી જ રીતે લોકકલ્યાણ અર્થે પણ પોતાના પદોદ્વારા પ્રાર્થના પ્રવાહિત કરી છે.

દુઃખ દર્દ દૂર કરો, સૌનું ય કલ્યાણ કરો,
સંકટ સઘળાં હરો, મુક્તિની મહેફિલ ધરો.

પૂ. શ્રીના આવાં પદો એમની પ્રાર્થનાઓનો જ એક પ્રકાર હતો. એ જ રીતે એમણે દેશભક્તિનાં પદોનો પદ્યસંગ્રહ 'હિમાલય અમારો' નામે પ્રકાશિત કર્યો છે. 'પ્રકાશના પંથે'માં વર્ણવેલી દેશની આઝાદી માટેની પ્રાર્થનાઓ એમને દેશભક્ત અને રાષ્ટ્રપ્રેમી સંત તરીકે પ્રસ્થાપિત કરે છે.

પૂ. શ્રીને મેં થોડેગણે અંશે પણ ઓળખ્યા છે. તો એમના આ સાહિત્યદ્વારા એમના એ અક્ષરદેહે મારા જીવનમાં પ્રાણ રેડ્યો. 'પ્રકાશના પંથે' એ ચૈતન્યથી ભરપૂર અને જીવંતગ્રંથ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે એના એ ચૈતન્યને મેં અનુભવ્યું છે. અને જે પણ એનું રસપાન કરશે એ દરેક એ અનુભવશે એટલે જેણે પણ એ નથી વાંચ્યું એને મારી ભલામણ છે, કહો કે વિનંતિ છે કે તે દરેક એ જરૂરથી વાંચે. એ સૌના જીવનમાં ક્રાંતિ લાવશે, એની મને ખાત્રી છે.

રામકૃષ્ણદેવ જેમ કહેતા કે ગંગાજીનો પ્રવાહ એ સામાન્ય પ્રવાહ નથી. જગન્નાથજીનો પ્રસાદ એ સામાન્ય પ્રસાદ નથી અને વ્રજની રજ એ સામાન્ય રેતી નથી. અને પૂ. શ્રીએ પણ કહ્યું છે કે 'મા સર્વેશ્વરી' એ કોઇ સામાન્ય સ્ત્રી નથી. એ રીતે જ હું પણ કહું છું કે 'પ્રકાશના પંથે' એ કોઇ સામાન્ય ગ્રંથ નથી.

એ કોઇના પણ હૃદયને પરિવર્તિત કરવા માટે સક્ષમ છે.

એ જીવંત અને જ્ઞાનસભર તર્કબદ્ધ રીતે રચાયેલો ગ્રંથ છે. એનું એક એક વાક્ય પ્રેરણાસ્પદ છે.

એ વાંચતી વખતે એવું જ લાગે છે કે જાણે પ્રભુ પોતે આપણી સમક્ષ બેસીને એમના જીવનની સાધના કથની આપણને સંભળાવી રહ્યા છે.

પૂ. માએ આપણને એ વાંચવા માટે ફરજ પાડવી પડે એ આપણા માટે શરમજનક વાત છે.

'પ્રકાશના પંથે'ના વાંચનથી અને એમની પ્રાર્થનાઓનો વિચાર કરીએ તો લાગે કે તેઓ નાના બાળકની જેમ માને પોકારતા અને પ્રાર્થના એ જ એમનું બળ અને વિકાસની ગુરુચાવી હતી.

પ્રાર્થનામાં શબ્દો શું છે? એનાં કરતાં એમનો ભાવ એમની ઉત્કટતા મહત્ત્વની હતી. એ દિવ્યપ્રેમમાં એ સઘળું ભાન ભૂલી જતા અને ભાવાનુભૂતિની પરાકાષ્ઠાપર પહોંચીને કોઈવાર દેહાતીત દશા પણ અનુભવતા.

શરૂઆતમાં જ્યારે મને ખબર પડી કે મોટા મોટા મહાનુભાવોને પૂ. માએ પ્રકાશન પર્વ નિમિત્તે વક્તવ્ય આપવા માટે બોલાવ્યા છે. તો મને થતું જેઓએ પૂ. શ્રીના દર્શન પણ નથી કર્યાં પૂ. શ્રીનો ખાસ પરિચય પણ નથી. એવાને શા માટે બોલાવ્યા હશે? પરંતુ એ બધા સમાજમાં સાહિત્યકારના હોદ્દાપર બિરાજે છે અને પોતાનાં વક્તવ્ય માટે એમણે 'પ્રકાશના પંથે' તો વાંચવું જ રહ્યું. અને એ વાંચ્યા પછી એ અભિભૂત થયા વગર રહી જ ના શકે અને પૂ. શ્રીને થોડે ઘણે અંશે પણ જાણ્યા પછી, એમને સમાજમાં પ્રકાશિત કરવાની નૈતિક જવાબદારી એમની પણ ખરીને?



આજના જડવાદ તરફ વધારે ને વધારે ઢળતા જતા જગત માટે શક્તિસંચાર કરવાનું કે મરી પરવારતી આધ્યાત્મિકતાને ઈશ્વરપરાયણતાને જાગ્રત કરવાનું કામ આ ગ્રંથ અવશ્ય કરશે. એની મને ખાત્રી છે.

અમારી જ્ઞાતિમાં પૂ. શ્રી ઘણા પરિચિત. શ્રી નારાયણ કાકા શ્રી હરગોવિંદભાઈ અને શ્રી વિશુકાકાને લીધે એમને ઓળખનારા ઘણા, પરંતુ માનનારા ઓછા. એટલે એક વખત હું એક પરિચિત વ્યક્તિ સાથે 'પ્રકાશના પંથે'ની વાત કરતો હતો. તો એણે સહજ રીતે કહ્યું, ''હા. એ તો મેં વાંચ્યું છે.'' એ વખતે મને ખૂબ આશ્ચર્ય થયું. જાણે કોઈ સિનેમા જોઈને આવ્યો હોય અને એ તો મેં જોયું છે એ રીતે કહ્યું.

મને થયું. ''ભાઈ... જેણે 'પ્રકાશના પંથે' વાંચ્યું હોય તે તો તેનું નામ સાંભળતા જ એના પ્રાણના અણુએ અણુમાં લાગણીના તીવ્ર સ્પંદનોની લહેર ફરી વળે, રોમાંચિત થઈ જવાય! હૃદયના ધબકારની ગતિ તીવ્ર બને અને ખુમારીપૂર્વક આશ્ચર્યકારક ઉદ્ગાર સાથે એનો પ્રત્યુત્તર મળવો જોઈએ કે 'પ્રકાશના પંથે'.... એને માણવાનો અવસર મને મળ્યો છે.''

એટલે જ આ ગ્રંથ કોઈ સામાન્ય ગ્રંથ નથી.

આ ગ્રંથદ્વારા પ્રાર્થનાનું મહત્ત્વ સમજાશે. આધ્યાત્મિકતાનો સાચો અર્થ જાણવા મળશે, માનવતાના મૂલ્યોનો પરિચય થશે. ટૂંકમાં ઉત્તમ જીવન જીવવાનો રાજમાર્ગ સાંપડશે.

પ્રભુપ્રાપ્તિ માટેની જડીબુટ્ટી એટલે 'પ્રકાશના પંથે', તો સંસાર પાર કરવાનું પુષ્પક વિમાન એટલે પણ 'પ્રકાશના પંથે.'

અંતે પૂ. શ્રીની એ બધી પ્રાર્થનાઓને ન્યાય આપી શકીએ.

પૂ. મા, આપના દિવ્ય સ્વરૂપને ઓળખી શકીએ.

આ ગ્રંથને દીપાવી શકીએ અને 'સ્વર્ગારોહણ'ને જગમંચે પ્રગટાવી શકીએ એવું જીવન આપો. એ જ પ્રાર્થના.

'જય કૃપાળુ મા'...

પ્રણામ, પ્રણામ, પ્રણામ.

જીભ અને ઉપસ્થનો સંયમ શ્રમસાધ્ય છે તે માટે સતત જાગૃતિ, આત્મનિરીક્ષણ ને પ્રભુપ્રાર્થનાનો આધાર આવશ્યક છે. તે ઉપરાંત, સારા પુરુષો, સ્થળો અને ઉત્તમ પુસ્તકોનો સંગ સહાયકારક થઇ પડે છે. ગમે તેમ કરીને પણ સંયમનું વ્રત સાધકે લેવું જ જોઈશે, અને સંયમની સાધના કરવી જ પડશે. તેના વિના આત્મિક ઉન્નતિની સાધના અધૂરી જ રહેશે. —યોગેશ્વરજી

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**

**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**

**''સત્યવાન'' તથા ''ચંદન''**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨



# આશાવાદીનાં ઓજસ

**ડૉ. પ્રકાશ ગજ્જર**

આખી માનવજાતને આપણે નિદાન બે વિભાગમાં વહેંચી શકીએ. આશાવાદી અને સામા છેડાના નિરાશાવાદી. આપણે પોતે આ બે ભાગમાંથી કોઇ એકના સભ્ય હોવાના જ. જો કે આવા ભાગલા કોઈ ના પણ સ્વીકારે.

એમ તો એક ત્રીજો વિભાગ પણ છે. હું એમને અડુક-દડુકિયા તરીકે ઓળખાવું છું. પેલી હિન્દી કહેવત પ્રમાણે 'ગંગા ગયે તો ગંગાદાસ ને જમના ગયે તો જમનાદાસ.' આપણે ક્યારેક એવા આશાવાદી હોઇએ છીએ કે ધરતીકંપ પણ ના ડગાવી શકે. ને ક્યારેક એવા નિરાશાવાદી બની રહીએ છીએ કે કદાચ ભગવાન આવે તોય નિરાશાવાદની એ ગર્તામાંથી આપણને બહાર ના કાઢી શકે.

આશાવાદી અને નિરાશાવાદી વચ્ચે જો પાયાનો ભેદ હોય તો એ ભેદ પાણીના કે દૂધના પ્યાલાવાળી અતિ જાણીતી બોધ-કથામાં એકદમ સ્પષ્ટ થઈ જાય છે. અર્ધો ભરેલો પ્યાલો નિરાશાવાદીને ખાલી જ દેખાય. જ્યારે પેલો આશાવાદી એ ખાલી ભાગની નોંધ પણ ના લે ને જે ભરેલો ભાગ છે એની ખુશી બરાબર માણે.

કોઈકે આ ભેદ નાટ્યાત્મક રીતે, પણ ખૂબ જ સરળ ઉદા-હરણો દ્વારા સમજાવી દેવાનો પ્રયાસ કર્યો છે : ''નિરાશાવાદી કહે છે કે વરસાદ કાદવ કરશે. ને આશાવાદી કહે છે કે એ ધૂળને નીચે બેસાડી દેશે. આશાવાદી કહેશે કે આજ મને બહુ સારું છે. નિરાશાવાદી કહેશે કે આજના કરતાં ગઈ કાલે મારી

સ્થિતિ બહુ ખરાબ હતી. આશાવાદી કહેશે કે હું જીવતો છું એનો જ મને મોટો આનંદ છે. તો નિરાશાવાદી કહેવાનો કે 'છેવટે તો મરવાનું જ છે ને એનું મને દુઃખ છે.' એની દૃષ્ટિ જ એવી વાંકી થઇ ગઇ હોય છે કે એ પ્રત્યેક સારપમાં કાંઇ ને કાંઇ અમંગલ શોધી કાઢવાનો જ. જ્યારે આશાવાદીને પ્રત્યેક અમંગલમાં કશુંક ને કશુંક મંગલ દેખાવાનું જ.''

વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ એક જ. પણ એને જોનાર અને મૂલવનાર સાવ સામસામા છેડાના. એ જે જોશે, વિચારશે, નિર્ણય લેશે એમાં આભજમીનનું અંતર રહેશે જ. આ નિયમનાં ઉદાહરણ આપણને ચારે બાજુ જોવા મળે છે.

આ બધા વિવરણનો સાર એક જ વાક્યમાં દર્શાવવો હોય તો એમ કહી શકાય કે ''નિરાશાવાદી પ્રત્યેક તકમાં મુશ્કેલી જુએ છે જ્યારે આશાવાદીને પ્રત્યેક મુશ્કેલીમાં તક દેખાય જ છે.''

સવાલ દૃષ્ટિનો છે. પણ આપણે ત્યાં જ અટકી જઇએ તો કશો લાભ નહીં થાય. જે દૃષ્ટિ લાભકારી નથી એને છોડવી જ જોઇએ. ને જેનામાંથી લાભ મળી શકે એવી દૃષ્ટિ આપણે પ્રયાસપૂર્વક કેળવવી જોઇએ. મનોવિજ્ઞાન આ બાબતમાં આપણને સરસ સધિયારો અને માર્ગદર્શન આપે છે.

આનંદવા ને સન્માનવા જેવા સમાચાર એ છે કે આશાવાદી દૃષ્ટિ કેળવી શકાય છે. જેનામાં થોડી પણ નિષ્ઠા હોય એવી વ્યક્તિ આ સારા સમાચારનો લાભ લઇ શકે છે. એ માટેના નિયમો એવા જટિલ નથી કે પાલન ના કરી શકાય.

મનોવૈજ્ઞાનિકોએ આ ક્ષેત્રમાં ઘણું ઊંડું કામ કર્યું છે. છેલ્લા પાંચ છ દાયકામાં મનોવૈજ્ઞાનિકોએ વ્યવહારજીવનમાં પ્રયોગો



કરીને એ નક્કી કરી આપ્યું છે કે ગમે એવો ડક્કર નિરાશાવાદી પણ પોતાની જાતને નવા આશાવાદના ઢાળામાં ઢાળી શકે છે.

પહેલાં તો નિરાશાવાદ અને નકારાત્મક વલણના ગેરલાભ વિષે જે તે માણસે વિચારવું જોઇએ. નિરાશાવાદી વલણના કોઇ લાભ નથી ને એ આપણને ઢીલા પાડી દે છે. એ હકીકત પહેલાં સ્વીકારી લેવી પડશે.

આશાવાદી વિચારના લાભ વિષે પણ વિચાર કરવો જોઇએ. એ આપણા મનને એક બળ અને ઉમળકો આપે છે. માત્ર લાભની ભાષા સમજનારા માણસને આ જાતની તુલના ખૂબ જ ઉપયોગી થઇ શકે.

વર્ષો પહેલાં મેં એક સત્ય જાણ્યું ને એના પ્રકાશે મારા જીવનને અજવાળાથી છલોછલ કરી દીધું છે. આ રહ્યું એ સરળ પણ ચોટદાર સત્ય : ''તમને ક્યાંય પણ કોઇ પણ છાયા દેખાય તો સમજી લેજો કે ઉજાસનું ઉદ્‌ભવસ્થાન આસપાસમાં ક્યાંક છે જ ને છે.'' આ માત્ર ભૌતિક જગત માટે જ સાચું નથી. જીવનની આંતર્બાહ્ય બાબતોને પણ આ સત્યના અજવાળામાં મૂલવી શકાય છે.

બનાવટી ડાહ્યા માણસોને આપણા જલદ કવિ અખાએ ઘૂવડની સાથે સરખાવ્યા હતા. એમણે આવા ઘૂવડ પંડિતોના મોંમાં આ શબ્દો મૂક્યા હતા : ''અમારે આટલાં વર્ષ અંધારે ગયાં; તમે આટલા ડાહ્યા ક્યાંથી થયા?'' નિરાશાવાદીઓની દલીલ આવી હોય. આ નિરાશાવાદીઓની એક ભયંકર ટેવ હોય છે. એમને આશાવાદ ના પચે એ તો જાણે સમજ્યા. પણ કોઇ આશાવાદી જીવનમાં રચનાત્મક વલણ અપનાવે ને આનંદથી જીવે તો એ નિરાશાવાદીઓને ચેન નથી પડતું. ગમે

તેમ કરીને એને પોતાના અંધારા ખાડામાં પાડી દેવા માટે એ લોકો જબરા પ્રયત્નો કરતા હોય છે.

એક હાસ્યકાર કહેતો : ''બે ઘડી સ્વીકારી લઈએ કે આશાવાદી તો એવો ગાંડો છે કે ઘનઘોર અંધારામાં જે દીવો છે જ નહીં એની કલ્પના કરી એના અજવાળામાં મનોમન રાચવાનો ને ખુદને ખુશ રાખવાનો પાગલ પ્રયાસ કરે છે. મંજૂર. પણ જે નથી એવા એ દીવાને ઝાપટ મારીને ઓલવી નાંખવા માટે નિરાશાવાદીઓ શા માટે ધસી જતા હશે એ મને નથી સમજાતું. શું આ મૂર્ખતાનો કોઈ જ ઉકેલ નહીં હોય?''

આપણે આશાવાદ જાળવીએ ને વિચાર કરીએ કે એમાં શક્તિ વેડફવાને બદલે આપણે પોતાના આશાવાદી દૃષ્ટિકોણને વધારે સુદૃઢ બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. મહિને લાખો રૂપિયા કમાવા મળે એના કરતાં પણ વધારે મૂલ્યવાન હું એ ટેવને ગણું છું જેમાં માણસ પ્રત્યેક પરિસ્થિતિના ઉજળા પાસાને જ જુએ છે, એની જ નોંધ લે છે ને એના ઉપર જ ભાવિ તેમ જ વર્તમાન જીવનનું નિર્માણ કરતો રહે છે. જે માણસ આ ટેવ કેળવે છે એને પેલા નિરાશાવાદના ખાડામાં સબડવાનું નથી રહેતું. એ ઉજળા પંથનો પ્રવાસી બને છે.

એક લોકકથા છે. એક પોપટ હતો. પોતાના વૃદ્ધ માતા-પિતા અને બાલબચ્ચાંનું પાલનપોષણ કરવા એ રોજ ચારો ચરવા જતો. એટલામાં દુષ્કાળનું વરસ આવ્યું. બીજાં પંખી હતાશ થઈ ગયાં. આ પોપટે તો એની મહેનત વધારી દીધી. એ કહેતો : ''સખત મહેનત કરું છું. દેવું ભરું છું. થોડું ઉધાર આપું છું. ને દાન પણ કરું છું.'' આમ કહેવાનો એનો આશય એ હતો કે વૃદ્ધ માબાપને ચારો આપવો, બાલબચ્ચાંનું પોષણ



કરવું ને નબળાં પંખીને પણ થોડો સહાયરૂપ થઈ એ પોતાના જીવનને સાર્થક કરતો હતો. આ તો લોકકથા છે. આશાવાદી એમાંથી પોતાનો અર્થ તારવે. ને નિરાશાવાદી નિસાસા નાંખીને બેસી રહે. જેવું જેનું મનોવલણ.

અમર અને ઉજ્જ્વળ આશાવાદનું એક ન ભૂલાય એવું ને ઉત્તમ ઉદાહરણ છે. મારા એક વડીલ ને એમનાં પત્ની. બન્ને સાવ વૃદ્ધ. અત્યારે ઉમ્મર નેવું વરસ. એમના બે સુપુત્રો પરદેશમાં. બે સુપુત્રીઓ ભારતમાં. સારા ઘરમાં પરણાવેલી. ચારેયની અઢળક આવક. તોય નજર માબાપના બંગલા ઉપર. વૃદ્ધ માબાપે એની સોંપણી પણ કરી દીધી ને બહાર નીકળી ગયાં. હરદ્વાર પાસે એક આશ્રમ. અગાઉ ત્યાં ઘણું દાન આપેલું. ત્યાં પહોંચી ગયાં. પહેલી શરત : ''અમે કામ કરીશું.'' બીજી શરત : ''અમને કોઈ ખાસ સગવડ નહીં આપવાની.'' ના કોઈ ફરિયાદ, ના કોઈ વિષાદ. આ જ આટલી વૃદ્ધ વયે પણ પરમ શાન્તિ, પરમ આશાવાદ, ઊંચો સેવાભાવ અને ભગવાનને ચરણે પૂર્ણ સમર્પણશીલતા.

આશાવાદનું રહસ્ય અને નખશિખ પાલન કોઈ એમની પાસેથી શીખે! સામી બાજુ વાંદર જેવા સુપુત્રો ને કાળી નાગણ જેવી એમની પત્નીઓ! આટલું બધું પચાવી પાડ્યા પછી પણ એમને શાન્તિ નથી. એ બધાંને ડર છે, અસલામતિ છે, ચિન્તાઓના બોજ છે. એમને કોણ સમજાવે કે સ્વાર્થ અને સંકુચિતતાનો આખરી અંજામ બૂરો જ હોય છે.

એક સંત ઉપર લકવાનો હુમલો થયો. જીવનભર ક્રિયાશીલ અને સેવાભાવી રહેલા એ સન્નિષ્ઠ સંતે એ જ દિવસે એક બોર્ડ ચિતરાવીને પોતાની સામે મૂક્યું. લખ્યું હતું :

૧. હું કદીય ફરિયાદ ના કરું.

૨. મારા વાતાવરણને હું ઝગમગતું રાખીશ.

૩. મારા જીવનમાં જે કાંઇ આશિષ મળેલા છે એમની નિયમિત ગણના કરતો રહીશ.

૪. મારી મુશ્કેલીઓમાં છૂપાયેલી તકોને શોધવાનો ને એમનો સદુપયોગ કરવાનો હું સતત પ્રયાસ કરીશ.

સાઠ વર્ષની ઉમ્મરે આવા વિચાર આવે ને એ પછીનાં વીસ વર્ષ આવા નિયમોનું પાલન થાય! આવા પરમ આશાવાદીની પ્રશંસા કયા શબ્દોમાં કરવાની?

પ્રેરણાનાં સુંદર સૂત્રો લખીને હું એમને જાડા પૂંઠા ઉપર ચોંટાડી દઉં. ને જાણે એવાં કેટલાંય સરસ પૂંઠાં મારી પાસેના ખજાનામાં તૈયાર છે. એકાદ દિવસને નાટ્યાત્મક બનાવવા માટે હું કોઇ સવારે આંખો મીંચીને એ ખજાનામાંથી એકાદ પૂંઠાને બહાર કાઢું. આખો દિવસ એની પ્રેરણાનો પ્રકાશ મારી આંખોમાં ને અંતરમાં પણ ઝીલાયા કરે એ રીતે હું એને મારા ટેબલ ઉપર ગોઠવું. એમાંથી આશાવાદનો અમરસંદેશ વહ્યા જ કરે. આ લખી રહ્યો છું ત્યારે મારી સામે કેવા આશાવાદનાં અજવાળાં રેલાઇ રહ્યાં છે એ જોવું છે?

''એવા સબળ બનો કે કશું જ તમારા મનની શાન્તિને ડગમગાવી ના શકે. તમને જે કોઇ માણસ મળે એની સાથે સ્વાસ્થ્યની, સુખની અને સમૃદ્ધિની જ વાતો કરો. તમારા પ્રત્યેક મિત્રને એવો અહેસાસ કરાવતા રહો કે એમનામાં કશુંક 'વિશેષ' છે. પ્રત્યેક બાબતના હકારાત્મક પાસાને જુઓ. માત્ર શ્રેષ્ઠતાનો વિચાર કરો, શ્રેષ્ઠ માટે જ પુરુષાર્થ કરો અને શ્રેષ્ઠ પરિણામની જ અપેક્ષા રાખો. તમારી પોતાની જેમ જ અન્યની સફળતા માટે પણ એટલો જ ઉત્સાહ દાખવો. ભૂતકાળની



ભૂલો ગમે એવી ગંભીર હોય તોય એના પસ્તાવામાં ડૂબેલા રહેશો નહીં અને ભાવિ સફળતાસિદ્ધિ તરફ ધસમસવા લાગો. સહુનું ભાવથી સ્વાગત કરો, સતત સ્મિતની લ્હાણી કરતા જાઓ. પોતાની જાતને અને જીવનને સુધારવામાં એટલા બધા શક્તિસભર અને આત્મવિશ્વાસયુક્ત બનો કે ચિન્તા પ્રવેશી જ ના શકે. અને આંતરિક ભવ્યતાના એવા શિખરે નિરંતર નિવાસ કરજો કે ગુસ્સો મૂળમાં પણ પ્રગટવાની હિંમત ના કરી શકે.''

આ છે આશાવાદી જીવનની ગીતા, આ છે સાર્થક જીવન માટેનો આદર્શ નકશો. તમે ઇચ્છો તો આમાં ઘણા નવા વિચાર, મુદ્દા, સલાહો, મૂકી શકો. અમારા એક મિત્રની જેમ તમે આનું એક સરસ 'આત્મસંકેત'માં પણ પરિવર્તન કરી શકો. વિષમ સંજોગો શોધવા માટે ક્યાંય જવાની જરૂર નથી. આપણી આસપાસમાં એ છૂપાયેલા જ હોય છે. એ ગમે ત્યારે ડોકું કાઢે. સંજોગ આવા છે ત્યારે ઉપરના જેવી પ્રેરણાવાણી આપણને સતત માર્ગદર્શન આપીને સરસ રીતે તૈયાર કરી શકે. નિરાશાવાદ હાવી થઇ જાય ને વિપરીત સંજોગો આપણને પછાડી નાંખે એ પહેલાં જ આપણે આવી સબળ રક્ષક દીવાલો તૈયાર કરી દેવી જોઇએ.

હવે એક માણસની કેફિયત રજૂ કરું છું. એને આશાવાદી, નિરાશાવાદી, કે વાસ્તવવાદી કે બીજું જે લેબલ લગાડવું હોય એ તમે લગાડી શકો છો. ઓફર અમારી ને મરજી તમારી! આ રહી એ કેફિયત : ''જે થશે એ સારું થશે ને બધું મંગલમય જ થશે એમ માનીને બેસી રહેનારા આશાવાદી જેવો હું નથી. અથવા તો બધું ખરાબ જ થશે એમ માનીને નિસાસા નાંખનારો હતાશ નિરાશાવાદી પણ હું નથી. કહેવું હોય તો તમે મને

આશાનિરાશાવાદી કહી શકો કારણ કહું? હું એવી આશા સતત રાખું છું કે બધું સરસ જ થશે. પણ જે થશે એ મને ઓછું જ લાગશે.''

બોલો! આ મહાશયને આપણે શું કહીશું? એના છેલ્લા વિધાનનો મર્મ બરાબર સમજવા જેવો છે. ખરેખર, એનો આશાવાદ અજબ છે. એમાં છેલ્લો એણે જે બનાવટી નિરાશા-વાદનો આભાસ ઊભો કર્યો છે એ કદાચ આપણને ઉશ્કેરવા માટે જ હશે એમ માનવાનું મને મન થાય છે. આશાવાદ સાચો પડે ને ધાર્યું પરિણામ આવે ત્યારે પણ વધારા સારા પરિણામ માટે તત્પર થવું એ કાંઇ જેવીતેવી વાત નથી.

નિરાશાવાદના કાદવમાંથી ઊંચા આવો. આશાવાદનાં નિર્મળ ઝરણાંમાં ઊતરો. એમાં લાભ ને લાભ જ છે. તમારી નજર બદલાતાં જ જગત બદલાયેલું લાગશે. જે તમારા હાથમાં છે એ પહેલું કરો. એમાં લાભ ને લાભ જ છે.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# ભૂલી પડી!

વનમાં ભૂલી પડી રે! હું તો કા'ન કુંવર–ઘેલી!
નયણે ના સૂઝે રે! જામી મધુવનમાં હેલી!
વનમાં ભૂલી પડી રે!૦

કા'ન! કા'ન! કરંતી ભટકુ, અટકુ જ્યાં અણસાર!
પત્ર–પુષ્પ ને મંજરી–મધુકર, સચરાચર ભણકાર!
વ્હાલમ કે વરસાદી–સ્પર્શે, દીઠી ડોલતી વેલી!
વનમાં ભૂલી પડી રે!૦

ખોવાઇ ગૈ આખા વનમાં, કા'ન–કુંવર કાનનમાં!
'સંભવ છે કે એ પણ શોધે' : ઉગ્યું એવું મનમાં,
સાદ પડે ત્યાં કૈંક પુરાણો : 'ક્યાં છે રાધે! છબીલી!'
વનમાં ભૂલી પડી રે!૦

ઘેલી થૈ પ્રીતમને શોધું, એ પણ શોધે મુજને,
એકબીજામાં ખોવાઈને, મળવાનું મુજ–તુજને!
કા'ન કુંવર–વ્રજભાન દુલારી દિવ્ય સનાતન કેલિ!
વનમાં ભૂલી પડી રે!૦

નયણે ના સૂઝે રે! જામી મધુવનમાં હેલી,
વનમાં ભૂલી પડી રે! હું તો કા'ન કુંવર–ઘેલી!
વનમાં ભૂલી પડી રે!૦

**ડૉ. રણજીત પટેલ 'અનામી'**

સ્વર્ગારોહણને આંગણે

# અનોખો સાધના દિન

મા સર્વેશ્વરી

**૧૯–૧–૦૬ ગુરુવાર. મા સર્વેશ્વરીની કલમે**

આજે સાધનાદિન સ્વર્ગારોહણનો. અરે, સાધકોનો, ભક્તોનો. 'મા'નો સાધનાદિન.

વિવિધ દિવસો આ ધરતી ઉપર પોતાનું આગવું સ્થાન પામે છે.

૨૮ વરસ પહેલાં પૂ. શ્રી ગુરુદેવ પ્રભુએ આ 'મા'ને સામે ચાલીને મંત્રદીક્ષા આપી હતી. શ્રી શૈલમ્‌ના પવિત્ર તીર્થશ્રેત્રે જાણે સ્વયં શિવજીથી 'મા' દીક્ષિત થયાં.

વરસો વીતી ગયાં. સાધનાથી એ સિદ્ધિ સહજ હતી. 'મા'ની પ્રાર્થનાનો એ પ્રત્યુત્તર હતો, કે અલૌકિક કૃપાનો એ થાળ હતો! આશીર્વાદનો અમર અજર અવિસ્મરણીય એ દિન હતો!

એ મંત્રદીક્ષા પછી તો અનેકવિધ સોપાનો સર થયાં છે.

આજે એ પવિત્ર પર્વની સ્મૃતિમાં સાધનાનો અર્ઘ્ય સૌ સાથે મળીને શ્રી ગુરુ ભગવંતના શ્રી ચરણે ધરાવશે.

ગઈ રાતે જ 'મા'એ એ વાત રજૂ કરી, તો સૌએ પોતાના આજના સાધનાના નિયમો નોંધાવી પણ દીધા.

પ્રદક્ષિણા અને પ્રણામના નિયમો વિશેષ હતા. એટલે એવું લાગે છે કે સાધકોને એ બંને પ્રવૃત્તિઓ સાધના તરીકે ફાવી ગઈ લાગે છે.



નાના મોટા દરેક જાણે નિયમોથી સજ્જ. નિયમ જ જાણે શ્વાસ અને નિયમ જ જાણે રક્ષાકવચ. સૌને જાણે નિયમનું માહાત્મ્ય સમજાઈ ગયું છે. આજે જાણે સ્વર્ગારોહણમાં સાધનાવડે મહાપૂજા. નિયમોના પવિત્ર જળથી જાણે સૌ શ્રી ગુરુભગવંતની અભિષેક પૂજા કરશે.

અરે, 'મા'એ કહ્યું, ''ગઈ સાંજે ૭ વાગ્યાથી નિયમો શરૂ થઈ શકે.''

એટલે રાતે જ શ્રી પ્રભુભાઈ, શ્રી કનુભાઈ જેવા સાધકો કુટિયામાં નિયમ પ્રારંભ કરી દે.

શ્રી નાથાભાઈએ પણ પોતાનો નિયમ રાતે જ પૂર્ણ કરી દીધો છે!

એક જ દિવસ માટેની સાધનાનો ઉત્સવ સતત ઉત્સાહથી ઉભરાતો સૌ માણી રહ્યા છે.

જાણે દરેકને પોતાનો જ મંગલ ઉત્સવ. પોતાને જીવન આંગણે સાધક પોતે જ આનંદથી, મસ્તીથી, ઉત્સાહથી, હિંમતથી એકમેકને નિયમમાં મગ્ન જોઈને પણ, સૌ પોતાની અલગ દુનિયામાં સાધના પરાયણ જીવન જીવી શકાય.

શ્રી રંજનબેન દેસાઈ સ્થૂળ શરીરે ૧૦૦૦ પ્રદક્ષિણા કરીને જાણે વિક્રમ નોંધાવી રહ્યાં છે. દીપુ જેવાં પ્રણામ કરીને પ્રભુને રીઝવી રહ્યાં છે. તો દિવ્યેશ જેવા પ્રણામ કરીને જાણે સૌનું નેતૃત્વ લેવાની હરોળમાં ઊભા છે.

હે પ્રભુ! આજે આપે સ્વર્ગારોહણમાં કેટકેટલાં પૂજનો સ્વીકાર્યા! એક સાથે વિવિધ પૂજન અ...ધ...ધ...ધ, સ્વીકારનાર એક અને ધરનાર અનેક!

આપ પ્રસન્ન છો માટે જ સૌ નિયમો લઈ શકે ને વિનાવિઘ્ને પાળી શકે છે.

આપને શું એટલી બધી ભૂખ લાગી છે કે હજારો પ્રણામો, હજારો પ્રદક્ષિણા, હજારો મંત્રજપ આપને અર્પણ થઈ રહ્યા છે?

હે, ગુરુભગવંત! આ ધરતી ઉપર જે જે માત્ર આપને પ્રસન્ન કરવા મથ્યા છે, તે તે સૌનું પરમ કલ્યાણ કરજો. તે સૌની સર્વ ઈચ્છા પૂર્ણ કરીને તે ઈચ્છા શાંત કરી દેજો.

આરોગ્યના ક્ષેત્રે પ્રણામ અને પ્રદક્ષિણા સહાયક ઠરજો.

રાજીવ જાની જેવા યુવાનોએ પ્રાર્થનાનો નિયમ પણ સરસ રીતે પાળી બતાવ્યો.

સાચે જ આજે જ્યાં જુઓ ત્યાં સૌ પોતાના નિયમોમાં મગ્ન છે.

કોઈ વાંચે છે, કોઈ જપે છે. કોઈ પ્રદક્ષિણા કરે છે, કોઈ ધ્યાનમાં બેઠા છે, તો કોઈ પ્રણામ કરે છે.

કોઈ કોઈને માટે જાણે અનિવાર્ય નથી. સૌ સ્વનિર્ભર રહીને સ્વની સાધનામાં મગ્ન.

જાણે કોઈ પાસે એક મિનિટ વાત કરવાનો પણ સમય નથી.

મહાભારત, રામાયણમાં જે ઋષિમુનિઓના પવિત્ર, શાંત એકાંત સાધના પરાયણ આશ્રમોનું વર્ણન આવે છે. તેવું જ આજનું સ્વર્ગારોહણ હતું.

હા, પ્રભુ! આપનું એક સ્વપ્ન હતું કે સૌ સાધના માટે જ આ વિશ્રામગૃહમાં નિવાસ કરે.

તે સ્વપ્ન આજના દિવસ માટે તો સત્યદર્શન કરાવનારું હતું.



આજના સૌ નિયમો પોતે જ પોતાની ઈચ્છા પ્રમાણે લેવાયા છે. જેનાથી જેટલા પાળી શકાય તેવા ને તેટલા નિયમો લીધા છે.

સાત્ત્વિક નિયમોની જાણે એક વાડ થઈ ગઈ છે. સૌના જીવનની સુરક્ષાનું વરદાન આપતી આજની સાધના દિનની હરેક ક્ષણો સોનેરી હતી.

યુવાનો હતા, વડીલો પણ હતા. સૌ જાણે એક દિવસના સમર્પિત સાધકનો વેશ સજીને સ્વર્ગારોહણને દીપાવી રહ્યા છે.

સાચે જ સાધનાનું આજે નિદર્શન હતું.

અરે, 'મા'એ પણ ૧૦૦૦ માળા (એક લાખ) મંત્રજપ કરવાનો નિયમ લીધો છે.

ગઈ રાતે ૨૦૦ માળા થઈ છે. આજે ૮૦૦ થઈ, ત્યારે સાંજે સાત થયા હતા. આખો દિવસ મંત્રજપની મસ્તી 'મા' માણી શક્યાં છે. સૌની હાજરીમાં 'મા'એ એ નિયમ પાળ્યો છે.

આજે જાણે પ્રણામના નિયમનું સામ્રાજ્ય સ્વર્ગારોહણમાં સ્થપાયું છે. પ્રાર્થના ખંડમાં, સત્સંગ ખંડમાં કુટિયામાં, હોલમાં, યોગતીર્થમાં, સર્વત્ર જાણે પ્રણામ, પ્રણામ ને પ્રણામ.

ઘડીભર તો લાગે કે સ્વર્ગારોહણમાં પ્રણામદિન છે.

આજના સૌના નિયમો જરા જોઈ લઈએ.

| **નામ** | **પ્રણામ** | **પ્રદક્ષિણા** | **માળા** | **પાઠ** | **પ્રાર્થના** |
|---|---|---|---|---|---|
| ગાયત્રી જોષી | ૨૫૦૦ | ૧૦૮ | ૧૦૮ | – | – |
| તૃપ્તિ | ૧૦૦૦ | ૧૦૮ | ૫૧ | – | – |
| તારક | ૧૦૦૦ | ૧૧ | – | – | – |
| મહાલતાબેન | ૧૨૫૦ | – | ૨૦૦ | ૫૧ બાવની | – |
| કનુભાઈ | ૧૧૦૦ | ૧૦૮ | ૧૦૦૦ | – | – |
| રાજુભાઈ જાની | ૧૨૫૦ | ૪૦૦ | ૧૦૦ | – | – |
| શાંતિભાઈ | ૨૧૨૫ | – | – | – | વાંચન |

| નામ | પ્રણામ | પ્રદક્ષિણા | માળા | પાઠ | પ્રાર્થના |
|---|---|---|---|---|---|
| મોહનભાઇ | — | — | — | — | વાંચન |
| જે. કે. | ૧૦૮ | ૧૦૮ | — | — | — |
| કલ્યાણ | ૬૫૧ | ૧ કલાક | — | — | — |
| ચીમનભાઇ | — | — | જપલેખન | મૌન | — |
| નાથાભાઇ | ૨૦૦૬ | ૨૧૭ | ૨૦૦ | — | — |
| ઘનશ્યામભાઇ | ૧૩૧૧ | ૨૧૬ | — | — | — |
| રંજનબેન | ૫૦૦ | ૧૧૦૦ | — | ૧૦૮ બાવની | — |
| વિવેક દવે | ૫૦૦ | ૨૫૧ | — | — | — |
| પ્રણવ કાકા | ૬૦૦ | ૨૫૧ | — | — | — |
| આશિષ જોષી | ૫૦૦ | ૧૦૮ | ૨૦૧ | — | — |
| રાજુ કાકા | ૩૫૧ | ૧૫૧ | — | ૨૫ બાવની | — |
| રાજીવ જાની | — | — | — | — | ૫ કલાક પ્રાર્થના |
| વિજયભાઇ | ૫૦૦ | ૨૫૧ | — | ૫૦ બાવની | — |
| ઈશ્વરભાઈ | ૧૦૦૦ | ૧૦૦૦ | — | મૌન | — |
| રંજનબેન | ૭૦૧ | — | — | લીલામૃતનો પાઠ | — |
| ડો. હરેન્દ્રભાઇ | ૨૫૧ | ૬૦૦ | ૫૦૦ | — | — |
| ચેતના | ૩૦૦૦ | — | ૫૦૦ | — | — |
| દીપુ | ૩૫૦૦ | — | — | — | — |
| સ્તુતિ | ૨૬૭૭ | — | — | — | — |
| નીલાબેન હળવદીયા | ૨૬૦૦ | ૧૦૮ | ૧૦૮ | — | — |
| દમયંતિબેન | ૬૫૧ | — | ૩૦૧ | — | — |
| કલ્પનાબેન | — | — | — | ૫૧ બાવની | — |
| નિર્મળાબેન | — | — | ૨૦૦ | — | — |
| દિવ્યેશ | ૩૭૫૦ | — | — | — | — |
| યોગેશ | ૧૦૦૦ | — | — | — | — |
| મહારાજ | ૬૬૭ | — | — | — | — |
| અશ્વિન કાકા | ૧૦૧૧ | ૧૧૧ | — | — | — |



જાણે સૌ એક ''દિન કા યોગી'' બની ગયા! આ ધરતી માતા, આ સ્વર્ગારોહણ તીર્થ અને આ ભૂમિના દેવતા શ્રી ગુરુભગવંત ત્રણેની પરમકૃપાથી સૌ સાધના કરી શક્યા છે.

સૌને એક પ્રકારની હાશ છે, સંતોષ છે, આનંદ છે. થઇ શક્યું તેવી શક્તિનું જાણે ભાન થયું.

જાણે સૌ પોતાની જાતને ભૂલીને ભજી લેવાની હરિફાઇમાં ઉભા હતા.

સૌએ પ્રામાણિકપણે પોતાની સાધના કરી લીધી.

અ..ધ..ધ..હું આટલું બધું કરી શકું છું? એનું જ્ઞાન થયું.

સૌને આનંદ છે. અરે 'મા'ના મંત્રજપ પૂર્ણ થતાં જ 'મા'-એ પણ ૭૩૦ પ્રણામ કર્યા છે. સાથે સૌ ભક્તો પણ જોડાય છે.

સવારે ૨૭૧ અને રાતે ૭૩૦ એટલે ૧૦૦૦ પ્રણામ, આ દેહે થઇ શક્યા. ૧૦૦૦ માળા થઇ શકી ને ૧૦૦૦ પ્રણામ થઇ શક્યા. કોની શક્તિ? કોની કૃપા? કોના આશીર્વાદ? ને કોનો સંકલ્પ?

શ્રી ગુરુભગવંત જાણે 'મા'ને એક સેમ્પલ બનાવીને જગમંચે રજૂ કરી રહ્યા હોય તેવું લાગે છે.

નિર્જળાવ્રત સાથે ૧૦૦૦ માળા ને ૧૦૦૦ પ્રણામ!

હે હરિ, આપ સિવાય એ કોણ કરી શકે? આપ જ જાણે આપને પ્રસન્ન કરી રહ્યા છો.

આ રોમરોમમાં અણુપરમાણુમાં આપ પ્રવેશીને કેવાં કેવાં કાર્યો કરી રહ્યા છો?

સતત પડખે રહીને સતત સાથે રહીને સતત અંદર ઘૂમતા ઘૂમતા, આપ જ આ વેશ સજીને સતત વિહરી રહ્યા છો. એ સ્વરૂપે આપને લક્ષ કોટી પ્રણામ...પ્રણામ...પ્રણામ... ○

શ્રી શ્રી મા શારદાદેવી

# શ્રીરામકૃષ્ણ મઠનાં અધિષ્ઠાતા—(૯)

(ગતાંકથી ચાલુ) **પ્રો. અરુણિકા મનોજ દરૂ**

શ્રીરામકૃષ્ણ મઠની સ્થાપના ઠાકુરની હયાતી બાદ થઈ હતી. ઠાકુર ચાલ્યા ગયા પછી તેમના ભક્તોએ સંસારનો ત્યાગ કર્યો અને થોડા દિવસ માટે એ સહુ ભાડાના મકાનમાં એકત્ર રહ્યા. પછી છૂટા પડી જઈ, સ્વતંત્રપણે અહીંતહીં ભટકવા માંડ્યા, આ વાત જાણી માતાજી ખૂબ દુઃખી થયાં અને રોજ ઠાકુરની છબી પાસે પ્રાર્થના કરવા લાગ્યાં કે જે લોકો તમારું નામ લઈ સંસાર છોડે તેમને સાધારણ ભરણપોષણનો અભાવ કદી ન થવો જોઈએ, બે મૂઠી અનાજ માટે ભીખ માગી, આમતેમ સૂઈ રહેનારા બીજા ઘણા સાધુઓનો સંસારમાં અભાવ નથી. એવા સાધુઓ બનાવવા માટે ઠાકુરે અવતાર લેવાનું કષ્ટ થોડું વેઠ્યું હતું? ઠાકુરનો હેતુ તો એમણે દર્શાવેલા આદર્શોને અનુસરીને એકત્ર રહી શકે તેવા ભક્તો તૈયાર કરવાનું હતું. જેમની પાસેથી સંસારદગ્ધ માણસો શાંતિ મેળવી શકે. આ વસ્તુ શક્ય બનાવવા માટે શ્રીરામકૃષ્ણ સંઘની સ્થાપના અતિ આવશ્યક હતી. માતાજીના અસીમ માતૃસ્નેહને ભવિષ્યમાં તેની આવશ્યકતા પૂરેપૂરી સમજાઈ ગઈ હતી. પ્રથમ વરાહનગરના ભૂતિયા મકાનમાં, પછી આલમબજારમાં અને ત્યારબાદ બેલુડમાં શ્રીરામકૃષ્ણ મઠ સ્થપાયો. માના પુત્રો માટે ઠાકુરે નરેન્દ્રદ્વારા બેલુડમઠ ઊભો કરાવી આપ્યો.

ઈ. સ. ૧૮૯૨ માં સ્વામી વિવેકાનંદ અમેરિકાથી કલકત્તા પાછા ફર્યા. ત્યારબાદ બેલુડમાં ગંગાતીરે શ્રીરામકૃષ્ણ મઠ માટે



જમીન ખરીદાઈ. માતાજી ત્યાં પગલાં પાડી આવ્યાં, મકાન તૈયાર થયું. ઠાકુરના દેહાવશેષના કળશનું ત્યાં સ્થાપન થયું. વિધિસર ત્યાં પૂજાહોમ થયાં અને ઈ. સ. ૧૮૯૦ ના અંતમાં મકાન બંધાઈ જતાં માતાજીનું 'સંતાનો માટે કાયમી મઠ'નું એક સ્વપ્ન સાકાર થયું. આ મઠમાં માનાં સંતાનો જીવનનિર્વાહની ચિંતાથી મુક્ત બની જપતપ કરી શકતા હતા અને ઠાકુરના આદર્શો મુજબનું પોતાનું જીવનઘડતર કરી શકતા હતા. પછી રામકૃષ્ણ મિશનની સ્થાપના થઈ.

કોઆલપાડા આશ્રમના તે વખતના અધ્યક્ષ માતાજી પર ભક્તિભાવ રાખતા. માતાજીને પણ તેમના તરફ ખૂબ સ્નેહ હતો. પણ તે અધ્યક્ષ વધારે પડતા કડક હતા. બ્રહ્મચારીઓ પાસે કામની આશા રાખતા પણ તેના બદલામાં તેમની દેખરેખ નહોતા રાખતા, તેથી કેટલાક માતાજી પાસે તો કેટલાક સ્વામી શારદાનંદ પાસે ચાલી ગયા, તેથી તે અધ્યક્ષે માતાજી પાસે ફરિયાદ કરી અને સૂચના કરી કે તે લોકો બીજા આશ્રમમાં ન રહી શકે એવી વ્યવસ્થા કરો. પણ માતાજીથી અન્યાય સહન થતો નહીં તેઓ ગુસ્સે થઈ ગયાં અને બોલ્યાં : ''એ બધા મારા છોકરાઓ છે, પ્રભુને શરણે આવ્યા છે. એ લોકો જ્યાં રહેશે ત્યાં જ ઠાકુર એમની સંભાળ લેશે.'' અધ્યક્ષે પછી માફી માગી. બીજી તરફ માતાજી આશ્રમવાસીઓને પણ સદ્દુપદેશ આપતાં અને અડચણો છતાં ભેગા રહી કામ કરવા કહેતાં.

સ્વામી વિશુદ્ધાનંદ, શતાનંદ અને ગિરિજાનંદ પ્રબળ વૈરાગ્યની પ્રેરણાથી ઘર ચોડી સંન્યાસી થવા માગતા હતા, એટલે તેઓ માતાજી પાસે આશીર્વાદ લેવા આવ્યા. માતાજીએ તેમને સંન્યાસની દીક્ષા આપેલી. પરિવ્રાજક થઈ એ લોકો

ભટકતા ફરે તે માતાજીને ગમતું ન હતું. પણ એમનો સંકલ્પ હતો તેથી માતાજીએ રજા આપી. સાથે કાશીના સ્વામી શિવાનંદ પર ચીઠ્ઠી આપી તેની પાસેથી સંન્યાસનાં નામ લેવા અને સંન્યાસજીવન ઘડી લેવા સૂચના આપી અને તે પ્રમાણે કાશીમાં સ્વામી શિવાનંદે વ્યવસ્થા કરી આપેલી.

બીજા એક સાધુ કામ કર્યા વગર 'ઉદ્‌બોધન'માં રહેતા હતા. તે, સ્વામી બ્રહ્માનંદ તથા બીજા પ્રૌઢ સાધુઓની વાત સાંભળતા નહીં. માતાજીએ ખુદ તેમને સમજાવ્યા હતા કે કામ કરવાથી મન સારું રહે, પણ તે સાધુ કોઈનું માનતા નહીં. તે છતાં તેમના પ્રત્યે માતાજીનો સ્નેહ ઓછો થયો ન હતો.

એકવાર એક ત્યાગી સંતાને માતાજીને કહ્યું કે કોઈ કહે છે કે સેવાશ્રમ—ઇસ્પિતાલ ચલાવવી, ચોપડીઓ વેચવી, હિસાબ રાખવો વગેરે કામો—સાધુજીવનને અનુકૂળ નથી. સાધુઓએ પૂજા, જપ, ધ્યાન વગેરે જ કરવાં જોઈએ. બીજાં કામો મનને ઈશ્વરવિમુખ કરે છે. એના પ્રત્યુત્તરમાં માતાજીએ દૃઢતાથી કહ્યું હતું "ચોવીસ કલાક કંઈ ધ્યાન જપ કરી શકાય? કામ કરો તો ખાવાનું મળે છે, નહીં તો ઘેર ઘેર અન્ન માટે ભટકવું પડે. મઠ આ પ્રમાણે જ ચાલશે. જે લોકો આમ ન રહી શકે તે ચાલ્યા જાય." આ સંવાદ સ્પષ્ટ સૂચવે છે કે માતાજીની સંઘ, આશ્રમ વિષેની સમજ અત્યંત સ્પષ્ટ ને સાફ હતી. માતાજીને વિશ્વાસ હતો કે આ સંઘદ્વારા શ્રીરામકૃષ્ણ પોતાના નવા સંદેશનો જગતમાં જરૂર પ્રચાર કરશે. આશ્રમ અને આશ્રમવાસીઓની બધી જ મુશ્કેલીઓ તરફ માતાજીની દૃષ્ટિ ખેંચાતી અને તેઓ પ્રત્યેક વિષયમાં યોગ્ય સલાહ અને ઉત્સાહ આપતાં. કોઆલપાડા આશ્રમના મફત દવાખાનાનો લાભ પૈસા ખર્ચી



શકનાર દરદી પણ લેતા હતા, તે જોઈ આશ્રમના અધ્યક્ષે સૂચન કર્યું કે મફત દવા આપવાની બંધ કરીએ. ત્યારે માતાજીએ બહુ સરસ જવાબ આપેલો કે "જે માગવા આવે તે બધા જ અભાવથી પીડાય છે એમ જાણવું." તેથી દરેકને દવા આપવી જોઈએ. આમ મફત દવાખાનાના દરવાજા સહુને માટે ખુલ્લા રહ્યા.

કોઆલપાડાનો આશ્રમ રામકૃષ્ણ મઠના તાબા હેઠળ આવ્યો તે પહેલાં આશ્રમના કાર્યકરો સ્વદેશી ચળવળમાં ડૂબેલા હતા. ત્યારે માતાજીએ જોયું કે તે લોકની શક્તિ કોઈ રચનાત્મક કાર્ય વિના નકામી વેડફાઈ જાય છે. તેથી તેમણે કહ્યું : "તમે વંદે માતરમ્‌ના બરાડા પાડી ભટકો નહીં. સાળ લઈ આવો અને વણવાનું શરૂ કરો. મને પણ ઇચ્છા થાય છે કે એક ચરખો મળે તો હું પણ સૂતર કાંતું."

આશ્રમના બ્રહ્મચારીઓમાં જ્ઞાન મેળવવાની ઇચ્છા વધારવા પણ એમણે ઘણા પ્રયત્નો કર્યા હતા અને કહ્યું હતું "પરદેશથી ઘણા ભક્તો અહીં આવશે, તેથી તમે અંગ્રેજી ભાષા શીખી લો." અંગ્રેજી શીખવવા તેમણે સ્વામી ધર્માનંદ તથા શ્રીકૃષ્ણભૂષણને પણ રાખ્યા હતા.

આશ્રમવાસીઓ માટે આશ્રમ બીજો સંસાર ન બને તે માટે તેઓ સચેત અને જાગ્રત હતાં. નામ, જપ, ધ્યાન ન થાય તે તેમને ગમતું નહીં. એમના જન્મદિવસે પોતાના પ્રિય શિષ્યોને યાદ કરી ત્યાં હાજર હોય તેની પાસે તે સહુના વતી પુષ્પાંજલિ પોતાને અર્પણ કરાવતાં અને તે ગ્રહણ કરી સહુના કલ્યાણ માટે ઠાકુરને પ્રાર્થના કરતાં. આવો ઊંડો અને દુર્લભ તેમનો પ્રિય ભક્તો તરફ સહજ વાત્સલ્યભાવ હતો. કોઈ સ્વામી કામ પ્રસંગે

બીજે ગામ ગયો હોય અને ભૂખ્યો હોય તો માતાજી પણ તેની વાટ જોતાં ભૂખ્યાં બેસી રહેતાં. કોઇ સંન્યાસી મઠનો ત્યાગ કરી ચાલ્યો જાય તો તેને વિદાય આપતાં માતાજી રડી પડતાં.

માતાજીનું હૃદય અત્યંત કોમળ હતું, છતાં તેમણે કેટલાકને બ્રહ્મચર્યની તો કેટલાકને સંન્યાસની દીક્ષા આપેલી. અને ગૃહત્યાગી બનાવ્યા હતા. પાત્રની યોગ્યતા પ્રમાણે તેઓ ઉપદેશ આપતાં. કોઇ લગ્નની ના કહે તો માતાજી કહેતાં : ''સંસારમાં બધાંની જ જોડ છે. બે આંખ, બે કાન, બે હાથ, બે પગ તેમ જ પુરુષ અને પ્રકૃતિ'' કોઇને વળી લગ્નની ઇચ્છા જાણી કહેતા : ''ઠાકુરના કેટલા ગૃહસ્થ ભક્તો હતા! તારે ડરવાની જરૂર નથી. તું લગ્ન કરજે.'' તો કોઇનું મન જાણી લગ્નના વિરોધમાં કહેતાં ''સંસારીઓને કેટલું દુઃખ પડે છે! તમે તો નિરાંતથી હવે ઊંઘી શકશો.'' આમ જરૂરિયાત મુજબ દિવ્યદૃષ્ટિથી પ્રત્યેકને જુદો જુદો ઉપદેશ આપી તેમનો માર્ગ સરળ કરતાં. ઠાકુરના ત્યાગનો આદર્શ ગ્રહણ કરવો એ મહાભાગ્યની વાત ગણાય એટલે ત્યાગને માર્ગે જવા ઇચ્છનાર પ્રબળ મનોબળવાળાને તેઓ પ્રોત્સાહિત કરતાં અને આશિષ પણ આપતાં કહેતાં : ''કોયલનાં બચ્ચાં મોટાં થયે પોતાની અસલ માને ઓળખી શકે છે. પછી લાલનપાલન કરનારી માને છોડી દઇ અસલ માની પાસે ઊડી જાય છે.'' તેવાને રોકવાનો શો અર્થ! અલબત્ત વ્યક્તિની કૌટુમ્બિક સંમતિનો અને આર્થિક સ્થિતિનો પણ ખ્યાલ રાખીને માતાજી સંન્યાસની દીક્ષા આપતાં. કોઇ પાછળથી આંસુ સારે કે ટીકા કરે તો પણ તેઓ પીગળતાં નહીં, કારણ કે ઈશ્વરપ્રાપ્તિ માટે જે સર્વસ્વનો ત્યાગ કરે તે ધન્ય જ હોય, તેને માટે ફેરવિચારણા કરવાની ન હોય,



તેવી બાબતમાં માતાજી ખૂબ દૃઢ રહેતાં. તે રીતે કુટુમ્બના ભરણપોષણની પોતાની જવાબદારી છોડી, સંસારત્યાગ કરનારને માટે પણ માતાજીના વિચારો સ્પષ્ટ હતા. તેવાને તેઓ દીક્ષા આપતાં નહીં. પોતાની અસંમતિ દર્શાવતાં ક્યારેક નિરુત્સાહી પણ કરતાં.

સંન્યાસીના ત્યાગના આદર્શ વિષે તેઓ સભાન હતાં. સંન્યાસીએ પાસે પૈસા નહીં રાખવા એ બાબતમાં આગ્રહી હતાં. સોનાની સાંકળ પણ બંધન જ કહેવાય એટલે તેવાઓની માતાજીના સ્થૂળદેહદર્શન માટેની વ્યાકુળતા પણ એમને રુચતી નહીં. તેઓ કહેતાં સાધુએ તો બધી માયા કાપી નાંખવી જોઇએ. મારું આ શરીર તો માણસનું ને! સાધુનું કર્તવ્ય તો ઘર છોડ્યા પછી નિશ્ચિત થઇ ભગવાનની આરાધના કરવી એ જ કહેવાય. પ્રભુની ઇચ્છા થાય ત્યારે પ્રભુનાં દર્શન મળે. માટે ધીરજ ધરી, આરાધના ચાલુ રાખવી જોઇએ.

એક શિષ્યે ભગવું છોડી પાછો ગૃહસ્થીનો પોષાક પહેર્યો ત્યારે માતાજીને એ ન ગમ્યું. તેમણે કહ્યું : ''માટીનું વાસણ સિંહણનું દૂધ ન જીરવી શકે. સંસારીઓનું અન્ન ખાઇ ખાઇને એની બુદ્ધિ મલિન થઇ ગઇ છે.''

નાની વયના વરદાને માતાજી તથા રાધુ માટે ઘણું કામ કરવું પડતું. તેથી માતાજીએ તેને સંન્યાસ નહતો આપ્યો, પણ કહેલું કે એ માટે તારે ચિંતા કરવાની જરૂર નથી. પાછળથી જ્યારે સંન્યાસ લેવાની ઇચ્છા થાય, ત્યારે શરત વ્યવસ્થા કરી આપશે.

ઉદ્બોધનના મકાનમાં આમ જુઓ તો માતાજી પોતે જ માલિક પણ નીચે સાધુઓ રહે તેમને માટે ચારે બાજુ સંયમનું

વાતાવરણ રાખવા કડક નજર રાખતાં. એટલે જ રાધુની નામરજી છતાં તેના પગમાંથી અવાજ કરનારાં ઝાંઝર કઢાવી નાંખેલાં. બ્રહ્મચારી વરદા બધું કામ કરે તોપણ કોઇ સ્ત્રીની સાડીનો છેડો તેને અડે તો માતાજી તે સ્ત્રીપર નારાજ થતાં. કહેતાં કે આ બ્રહ્મચારીઓને પ્રણામ કરી, તેમને માન આપવું જોઇએ.

માતાજી કહેતાં કે ગૃહસ્થી ભક્ત સાથે ત્યાગી ભક્તની તુલના ન કરાય, કારણ કે ત્યાગી ભક્તને માટે તો ભગવાન સિવાય કોઇ નથી હોતું. એટલે માતાજી સાધુઓને માન આપતાં, પણ બીજી બાજુ તેમને અહંકારનો ત્યાગ કરવાનું પણ કહેતાં. વસ્તુતઃ બહારના વેશ કરતાં અંતરના વૈરાગ્યને તેઓ વધારે ઊંચું સ્થાન આપતાં. કેટલાક માણસોના આંતરમન વાંચી માતાજી પોતે ભગવું નહીં આપતાં પણ તેમને પોતાના આશ્રમના બીજા સંન્યાસીઓ પાસે મોકલી દેતાં. અંતરથી સંન્યાસ લેવા આવનારને માતાજી પોતે ભગવું આપી, પછી વિરજાહોમ કરાવી સંન્યાસ આપતાં તો દિવ્યદૃષ્ટિથી કેટલાકનું આંતરમન જાણી, વિરજાહોમ કરવાની ના પણ પાડતાં.

ખાવાપીવાની તથા રહેવાની સારી વ્યવસ્થા હોય તો પુરુષોની માફક સ્ત્રીઓને પણ માતાજી આજીવન બ્રહ્મચારિણી તરીકે રહેવાની સંમતિ આપતાં. કન્યાને કુંવારી રહેવામાં ઘણો ભય હોવા છતાં જો એને લગ્ન ન કરવાં હોય તો તેને પરણાવીને સંસારમાં નાખવામાં અન્યાય છે, એમ તેઓ માનતાં. સ્ત્રીશિક્ષણ વિષે પણ તેઓ જાગ્રત હતાં. વિદ્યા પ્રાપ્ત કરવા ઇચ્છનારને ભગિની નિવેદિતાની શાળામાં મોકલવા સૂચવતાં.

સંઘના વહીવટ અને વ્યવસ્થા સાથે માતાજીનો સીધો સંબંધ



નહીં, છતાં તેઓ સલાહસૂચન આપતાં. સભ્યો વચ્ચે સ્નેહબંધન દૃઢ કરી, સંઘના સંચાલનનું નિયંત્રણ કરતાં. સ્વામી વિવેકાનંદે પણ અમેરિકા જતાં પહેલાં માતાજીની લેખિત સંમતિ તથા આશીર્વાદ મેળવેલા. વિશાળ આધ્યાત્મિક સંઘની એક અભણ સ્ત્રી સંચાલિકા! કેવી અભૂતપૂર્વ આશ્ચર્યકારક ઘટના!

નાના નગેને બેલુરમઠમાં કંઇ અપરાધ કર્યો, પછી સ્વામી શિવાનંદ વઢશે એ બીકે ગભરાઇને, પગપાળા માઇલો ચાલીને જયરામવાટી માતાજી પાસે ચાલી આવ્યો. ત્યારે માતાજીએ બેલુરમઠમાં સ્વામી શિવાનંદને પત્ર લખાવ્યો : ''મા કોઇ દિવસ કંઇ દીકરાનો દોષ જુએ ખરી? એને કંઇ કહેતા નહીં.'' પછી એ પત્રનો જવાબ આવે ત્યાંસુધી એમણે નગેનને પોતાની પાસે રાખેલો. જવાબ આવી ગયા પછી એને વસ્ત્રો તથા રેલ્વે ભાડુ આપીને મોકલ્યો. બેલુરમઠમાં પહોંચ્યો ત્યારે શિવાનંદ સ્વામી એને ભેટી પડ્યા અને કહ્યું : ''બેટા! તું મારી સામે ફરિયાદ કરવા માટે હાઇકોર્ટ સુધી પહોંચી ગયો હતો!''

એક તરફ કડક શાસન સાથે સંવેદનશીલતા પણ બેહદ જરાકમાં તેમનું માતૃહૃદય પીગળી જતું. સમય કસમયે આવનાર પણ ભૂખ્યા ન રહે તેની માતાજી પૂરેપૂરી કાળજી રાખતાં. કોઇ તેમની સાચી સલાહ ન માને અને મનનું ધાર્યું જ કરે તો પણ માતાજી દ્વેષ ન રાખે. બધાને જ પોતાનાં બાળકો માનતાં કોઇ પણ જાતિની વ્યક્તિ હોય માતાજી ભેદભાવ વગર બધાંનાં જ એઠાં વાસણ પોતે સાફ કરતાં. એ તેમનું નિત્યકર્મ હતું. એમના માતૃપ્રેમના પૂરમાં ઊંચનીચ બધા જ ડૂબી જઇને એકાકાર થઇ જતા. માતાજીની સાથે સ્ત્રીઓ રહેતી તે આવું કામ તો નહીં કરતી, પણ ઊલટું ફરિયાદ કરીને કહેતી : ''તમે

બ્રાહ્મણપુત્રી છો, વળી ગુરુ છો, આ બધા તો તમારા શિષ્યો છે. તમે તેમનો એઠવાડ શા માટે સાફ કરો છો? એમાં એમનું જ અમંગળ થશે.'' માતાજી સરળતાથી જવાબ આપતાં : ''હું તો એમની મા છું. છોકરાઓ માટે મા નહીં કરે તો કોણ કરશે?'' માતાજી દીક્ષા આપતી વખતે પણ વ્યક્તિને તેની જાતિ વિષે પૂછતાં નહીં. દુર્ગાપૂજા વખતે પણ બધા જ ભક્તો જાતિ-ના ભેદભાવ વગર તેમને ચરણે ફૂલ અર્પણ કરી શકતા.

### ❁ પ્રભુ સાથે સંબંધ જોડો ❁

પરમાત્મા તમામ જગ્યાએ હોવાથી અહીં છે. તમામ સમયે (ત્રણેય કાળે) હોવાથી આજે છે. બધામાં હોવાથી આપણામાં છે, અને તમામના હોવાથી આપણા છે. આ દૃષ્ટિથી પરમાત્મા અહીં હોવાથી એને પ્રાપ્ત કરવા માટે બીજી કોઇ જગ્યાએ જવાની, આજે હોવાથી તેને પ્રાપ્ત કરવા ભવિષ્યની રાહ જોવાની, આપણામાં હોવાથી બહાર ખોજવાની, અને આપણો હોવાથી એના સિવાય બીજા કોઇને પોતાનો માનવાની જરૂર નથી.

તે આપણો હોવાથી સ્વાભાવિક જ અત્યંત પ્રિય લાગશે.

પરમાત્મા સાથે તમે કોઇ પણ રીતે સંબંધ જોડી લ્યો. જ્ઞાનથી જોડી લ્યો, અગર મન—બુદ્ધિપૂર્વક જોડી લ્યો, અગર છેવટે જીભથી જોડી લ્યો. કેવલ રામ નામનું ઉચ્ચારણ કરીને પણ સંબંધ બાંધી લ્યો. જેથી તમારાં તમામ કામ સફળ થઇ જશે. આવો મારો નિશ્ચય અને અનુભવ છે.

**સ્વામી સંપૂર્ણાનંદજી**
**(મૌની ભિક્ષુ)**



# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

'કૃષ્ણના રૂપમાં મને તો કોઇક દેવદૂતે જન્મ લીધો હોય એવું લાગ્યા કરે છે.'

'દેવદૂતે કે દેવે પોતે ? મને તો એ દેવ જ લાગે છે.'

'હા. એનું રૂપ કેટલું બધું મોહક છે અને એની શક્તિ પણ કેટલી બધી અસાધારણ ? આટલી બધી મોહિની અને શક્તિ કોઇ સામાન્ય કે અસામાન્ય માનવમાં કે દેવમાં પણ ના હોઇ શકે. મને તો લાગે છે કે વેદે જેમને દેવોના દેવ કહ્યા છે તે સૃષ્ટિના સ્વામી, બ્રહ્માંડના અધિનાયક પરમાત્મા પોતે જ કૃષ્ણના કમનીય રૂપમાં મહીના મંગલને માટે પ્રકટ થયા છે.'

'સાચું છે. મને પણ એવું જ લાગે છે. પૂતના જેવી રાક્ષસીને તથા બીજા રાક્ષસોને કોઇ સામાન્ય આત્મા ના મારી શકે. કોઇ અસામાન્ય આત્મા પણ નહિ. એ તો પરબ્રહ્મ પરમાત્માનું જ કામ.'

કૃષ્ણના જીવનની લીલા એવી રીતે ગોકુલ, વૃંદાવન અને એની આજુબાજુના વિસ્તારની સઘળી પ્રજા માટે પ્રસન્નતા-પ્રદાયક થઈ પડી.

દિવસે દિવસે જનતાનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમભાવ વધતો ગયો.

કૃષ્ણને પ્રજાના બધા વર્ગો અસાધારણ દૃષ્ટિથી જોવા લાગ્યા.

ગોકુલ અને વૃંદાવનની ગોપીઓના અનુરાગમય અંતરમાં એમને માટે ચોક્કસ સ્થાન તૈયાર થઇ ગયું.

ગોપીઓ કૃષ્ણને અસાધારણ નેહની નજરે જોવા લાગી.

એવું દર્શન એમને માટે કોણ જાણે કેમ પણ પ્રાકૃતિક થઈ પડ્યું.

કૃષ્ણના મધુમય મુખને દિવસમાં એક વાર જોયા વિના એમને ચેન ના પડતું. એમની સુધાનીતરતી વાણીને સાંભળ્યા વિના અને એમના રસભરપૂર બંસીસ્વરનો સ્વર્ગીય સ્વાદ લીધા વિના એમને જીવનમાં કશો આનંદ જ ના દેખાતો. એમનું મન બીજે કશે લાગતું જ નહિ.

કૃષ્ણની રસમય લીલાને લીધે યમુનાનો સુંદર તટપ્રદેશ અવર્ણનીય આનંદથી ઊભરાઈ રહ્યો.

એ પ્રદેશમાં નવી ચેતના અથવા આભા પ્રકટ થઈ.

ધરતી નવા જીવનથી ધબકવા લાગી, અને આકાશ પણ જાણે કે અભિનવ બની ગયું.

એક દિવસ સવારે કૃષ્ણે ગાયોને વનમાં ચરાવતી વખતે રોજની પેઠે વાંસળી વગાડી.

કુદરતના ખોળે ખેલતા સુધામય સ્વરો જળસ્થળને સુધામય કરતા ને પ્રસન્નતા ધરતા બધે ફરી વળ્યા.

ગોપગોપીઓ એ સ્વરના અદ્‌ભુત આમંત્રણથી આકર્ષાઈને યમુનાતટ પર ટોળે વળ્યાં.

વચ્ચે કૃષ્ણ અને આજુબાજુ અનુરાગી ગોપગોપીઓ રસનો જાણે કે રાસ રમવા લાગ્યાં.

એમની ચિત્તવૃત્તિઓ ચંચળતા તથા બહિર્મુખતાનો પરિત્યાગ કરીને અંતર્મુખ બની ને આત્માની એકતાનો અનુભવ કરતાં આનંદસાગરમાં ડૂબી ગઈ.

કેટલી ધન્ય, મંગલ ,ઉત્સવમય, પાવન પળ !

વાંસળી બંધ થઈ ત્યારે સૌ વારાફરતી વિખેરાવા લાગ્યાં.

એ મંડળીમાં આવેલી એક અતિશય આકર્ષક, સૌન્દર્યમૂર્તિ



સુકુમારી કૃષ્ણને નેહભરી નજરે જોતી છેવટ સુધી બેસી રહી.

કૃષ્ણને એની સ્થિતિ જોઈને આશ્ચર્ય થયું.

એની આંખમાં અશ્રુ હતાં.

એ આંખ કેટલી બધી ઓજસ્વી, અસાધારણ અનુરાગમયી અને નિર્દોષ હતી ?

એની મુખાકૃતિ જાણે મધુરતાનો મધપૂડો જ જોઈ લો.

એનું અંતર કૃષ્ણ પ્રત્યે આકર્ષાયેલું લાગ્યું; પરંતુ કૃષ્ણ પોતે પણ એના પ્રત્યે આકર્ષાયા વિના ના રહી શક્યા.

એ શાંતિપૂર્વક ધીમા પગલે એની પાસે પહોંચ્યા.

એ સુકુમારીને એથી અતિશય આનંદ થયો.

એ પોતાની સખી સાથે ઊભી થઈ. એની આંખ જરા નીચે ઢળી પડી.

અત્યાર સુધી ઊંડી ભાવસમાધિમાં ડૂબી ગયેલી એ કન્યા જાણે કે હવે એકાએક જાગૃતિદશામાં આવી ને પોતાની આસ-પાસના પાર્થિવ જગતમાં પ્રવેશી.

કૃષ્ણ એને નિર્નિમેષ નેત્રે નિહાળી રહ્યા.

થોડાક સમય સુધી વાતાવરણમાં સંપૂર્ણ શાંતિ છવાઈ રહી.

કુમારી અત્યંત સુંદર હતી.સૌંદર્યની અધિષ્ઠાત્રી દેવી પોતે જ એના રૂપમાં પૃથ્વી પર પ્રકટ થઈ હોય એવું લાગ્યા વિના ના રહ્યું.

ગૌર મુખમંડળવાળી એ કન્યાને નેહપૂર્વક નિહાળીને પોતાના ઉરની ઊર્મિઓને વાચા આપતાં કૃષ્ણે પ્રસન્નતાપૂર્વક પૂછ્યું :

‘ સુકુમારી, તું કોણ છે ? તને મેં ગોકુલમાં પહેલાં કદી પણ નથી જોઈ. તું ગોકુલની નિવાસિની તો નથી જ.’ (ક્રમશઃ)